# પ્રકરણ ૬

# કુન્દનિકા કાપડીઆની કૃતિઓમાં રહેલ ભાવનાત્મક સંઘર્ષની સાહિત્યિક લાક્ષણિકતાઓ

# પ્રકરણ-૬

# કુન્દનિકા કાપડીઆની કૃતિઓમાં રહેલ ભાવનાત્મક સંઘર્ષની સાહિત્યિક લાક્ષણિકતાઓ

## પ્રસ્તાવના

લેખનને મુખ્યત્વે બે પ્રકારે વિભાજીત કરી શકાય. (૧) સામાન્યલેખન (૨) સાહિત્યિકલેખન. સામાન્ય રીતે કોઈ સાક્ષરજન દ્વારા થયેલું લેખનકાર્ય એ સામાન્યલેખન છે. આ પ્રકારનું લેખન મુખ્યત્વે અર્થ, યશ, ઉપદેશ વગેરેને ધ્યાનમાં રાખીને કરવામાં આવે છે. આવા લેખનમાં સૌંદર્ય અને કળાનું તત્ત્વ હોતું નથી. તે સામાન્ય પ્રકારનું જ હોય છે. તેના દ્વારા વાચકને માત્ર બોધ કે જ્ઞાનપ્રાપ્તિ જ થાય છે. એથી વિપરીત, જયારે કોઈ કલાકાર વ્યક્તિ કાગળ પર કલમ દ્વારા કલાત્મક શબ્દોની સુંદર ગોઠવણી કરે છે. તેમાં પોતાની કલ્પનાઓ, વિચારો અને ભાવનાઓને નિરૂપિત કરે છે. આવા પ્રયત્નો વડે કલાત્મક લખાણનું સર્જન કરે છે ત્યારે તે સાહિત્યલેખન થયું એમ કહેવાય છે. આવાં સાહિત્યને આંખ વડે વાંચીને અને કાન વડે સાંભળીને માણી શકાય છે.

આમ, સાહિત્યલેખનનો આનંદ વાચકના રોમેરોમને સ્પર્શે છે. સાહિત્યલેખન એ કવિ હૃદયનું ઊંડાણ છે. સર્જકહૃદયના ભાવોનું પ્રતિબિંબ છે. સાહિત્યકાર પોતાની કલ્પનાઓ, ભાવનાઓ, વિચારોને એના સાહિત્યમાં ઝીલે છે. સાહિત્યલેખનમાં તે વિવિધ રચનારીતિનો વિનિયોગ કરી કૃતિનું દેહસૌંદર્ય ઘડે છે. જેના થકી તે વાચકને અણમોલ આનંદની પ્રાપ્તિ કરાવે છે. સામાન્ય લેખન અને સાહિત્ય લેખન વચ્ચે આ જ ભેદરેખા છે. સાહિત્યનું સર્જન કરનાર સર્જકને પોતાનું આગવું વિશ્વ હોય છે અને એ વિશ્વનાં દર્શન આપણને તેમની રચનાઓમાં થાય છે.

સાહિત્યની દૃષ્ટિએ પ્રયુક્તિને રચનારીતિ, સંવિધાનકળા, રચનાકળા, રચનાવિધાન, રચનાપ્રયુક્તિ, કલાવિધાન અને કલાકૌશલ જેવા પર્યાયથી ઓળખવામાં આવે છે. સાહિત્યરચનામાં

પ્રયુક્તિ એ મહત્વનું ઘટક બની રહે છે. મહદંશે નવલકથા, લઘુનવલ, ટૂંકીવાર્તા જેવા સાહિત્યપ્રકારોમાં પ્રયુક્તિઓનો વિનિયોગ જે તે રચનાને નવું સૌંદર્ય અર્પે છે. માનવજીવનના બદલાતાં જતાં પ્રવાહોની અસર સાહિત્ય પર પણ પડી છે. આધુનિક સાહિત્યકાર હવે માનવીય ભાવસંવેદનાઓમાં રસ લેતો થયો છે. બદલાતાં પ્રવાહોની સાથે સાહિત્યરચનાને વધુ સંવેદનશીલ બનાવવાના હેતુથી અવનવી યુક્તિપ્રયુક્તિઓનો વિનિયોગ શરૂ થયો.

કથાના વિસ્તારથી માંડીને તેના ચમત્કૃત અંત સુધી સાહિત્યકાર જરૂર મુજબ પ્રયુક્તિઓનો વિનિયોગ કરી ધાર્યું કામ પાર પાડે છે. પાત્રોની એકલતા, ખાલીપો, સંઘર્ષ, ભાવલાગણીઓ, બંધનાવસ્થા, સ્વાર્થ, આધિપત્ય વગેરેને ઉજાગર કરવા માટે તેને રચનાપ્રયુક્તિઓ વિશેષ મદદરૂપ નીવડે છે. જેના વડે સર્જક એના ચિત્તમાં પડેલાં ભાવોને કલાત્મકતાથી કથામાં આલેખિત કરી શકે છે. આમ, રચનાપ્રયુક્તિના ઉચિત પ્રયોગ વડે સર્જક પોતાની કલ્પના મુજબ કૃતિને નવો ઓપ આપે છે.

## વિવિધ પ્રયુક્તિઓનો પરિચય

સાહિત્યલેખનમાં બદલાતા સમય મુજબ પરંપરાગત પ્રયુક્તિઓથી માંડીને અવનવી પ્રયુક્તિઓ જોવા મળી છે. આવી પ્રયુક્તિઓમાં કથન પ્રયુક્તિઓ, પીઠઝબકાર, પૂર્વઝબકાર, મુક્તસાહચર્ય, સ્વયંલેખન, ચેતનાપ્રવાહ, સર્વજ્ઞલેખકનું કથનવર્ણન, પત્રો, ડાયરી, અહેવાલ, મનોગત ઉક્તિઓ, મુક્તસાહચર્ય, સહોપસ્થિતિ, કોલાજ, સસંયોજન (મોન્ટાજ), મિરરઈમેજરી, સ્વગત સંવાદ, ટાઈપોગ્રાફિ, દ્વિકેન્દ્રી પ્રયુક્તિ (બાયફોકલ), સ્વપ્ન પ્રયુક્તિ, પ્રતીક, કલ્પન, સ્વૈરકલ્પનાઓ વગેરેનો સમાવેશ થાય છે.

## કુન્દનિકા કાપડીઆની વાર્તાઓમાં સંઘર્ષ નિરૂપણ માટેની પ્રયુક્તિઓ

કોઈપણ સાહિત્યકાર એની સર્જનકૃતિને સ્વરૂપવાન બનાવવા અવનવી યુક્તિપ્રયુક્તિનો વિનિયોગ કરે છે. તેના વ્યવસ્થિત અને યોગ્ય ઉપયોગ થકી તે રચનામાં વિધવિધ રંગાકૃતિઓનું

સંયોજન કરે છે. જેના વડે તે સર્જનરચનાને સુંદરતાના સર્વોચ્ચ શિખરે બેસાડવા મંથન કરે છે. આમ, અવનવી પ્રયુક્તિઓ વડે કૃતિને નવ્યરૂપનો ઓપ ચઢાવાય છે.

સ્નેહ, સંવેદનાઓ, સંબંધ અને સૌંદર્ય સાથે સંકળાયેલી કુન્દનિકા કાપડીઆની વાર્તાઓમાં સ્ત્રીજીવનની વાસ્તવિકતા અને ભાવનાઓનો સમન્વય સધાયો છે. એમનાં પુસ્તક 'કુન્દનિકા કાપડીઆની શ્રેષ્ઠ વાર્તાઓ'ની પ્રસ્તાવનામાં તેમણે આ બાબતે નોંધ્યું છે કે: "ભાષાકર્મ, સંયોજન, ટૅકનિક, ઘટનાત્મકતા કે ઘટનાનો લોપ – એ બધાં અંગો જે તે વાર્તાની નિજી જરૂરિયાત પ્રમાણે સહજપણે વાર્તાનો ભાગ બનીને આવ્યાં છે."[i]

આથી કહી શકાય કે તેમણે પણ ભાષાશૈલી અને વિવિધ ટૅકનિકનો યથાયોગ્ય વિનિયોગ કર્યો છે. જેના દ્વારા તેમણે પોતાની રચનાઓને સાહિત્યના મેળાવડામાં ગર્વથી શીશ ઊંચું કરી શકે તેટલી સમૃદ્ધ બનાવી છે. તે એક એવા સર્જક છે કે જેમણે કૃતિઓમાં પ્રયુક્તિઓની પ્રમાણસરની કલાત્મકતા વાપરીને ધાર્યું લક્ષ પાર પાડ્યું છે.

કુન્દનિકા કાપડીઆની વાર્તાઓ મુખ્યત્વે પ્રથમ પુરુષ એકવચન અથવા ત્રીજો પુરુષ એકવચન સ્વરૂપે વિકસે છે. આ ઉપરાંત તેમની વાર્તાઓમાં સંઘર્ષનિરૂપણ માટેની કેટલીક પ્રયુક્તિઓનો ઉપયોગ કરેલો જોવા મળે છે. વાર્તાની કથામાં કોઈક પ્રસંગ કે ઘટનાનું નિરૂપણ કરીને તેમણે સ્ત્રીમનના સંઘર્ષને આબેહૂબ ચીતરી આપ્યો છે. વિવિધ પ્રયુક્તિના વિનિયોગ દ્વારા તેમણે સ્ત્રીવિષયક સંઘર્ષનું નિરૂપણ કર્યું છે. જેમાં પ્રથમ અને ત્રીજો પુરુષ કથન પ્રયુક્તિ, પીઠઝબકાર, પત્ર, આંતર ચેતનાપ્રવાહ, મનોગત ઉક્તિઓ, પ્રતીક, સંવાદ, બાયફોકલ પ્રયુક્તિ અને ભાષાશૈલી વગેરે મુખ્ય છે. આ પ્રયુક્તિઓને સમજીએ.

(૧) પ્રથમ પુરુષ એકવચન કથનકેન્દ્ર

આ પ્રયુક્તિમાં લેખક કૃતિમાં પ્રવેશીને 'હું'ના પાત્ર સ્વરૂપે કથાની વાત રજૂ કરતો હોય છે. આ રીતે કથા આગળ વધે છે. નિરૂપણની આ રીત પ્રથમપુરુષ કથનકેન્દ્ર કહેવાય છે. અહીં લેખક 'હું' રૂપે

પોતાની અને અન્ય પાત્રોની વાતો કરતો હોય છે. આ પ્રયુક્તિમાં એ 'હું' પણ લેખક પોતે નથી. તે તો કથાનું મુખ્ય કે ગૌણ પાત્ર જ હોય છે.

(૨) ત્રીજોપુરુષ એકવચન કથનકેન્દ્ર

જયારે લેખક કૃતિના જગતની બહાર રહીને અન્ય પાત્રો દ્વારા કથાનું વર્ણન કરે અને કથાની ઘટના આગળ વધતી રહે તેને ત્રીજોપુરુષ કથનકેન્દ્ર કહેવામાં આવે છે. આ પ્રયુક્તિમાં લેખક કથાની ઘટનાઓ અને પાત્રો વિશે જેટલું જરૂરી લાગે તે બધું જ ભાવકને જણાવી શકે છે. તેના દ્વારા કથામાં અનેક પાત્રોની સૃષ્ટિ ખડી કરી શકે છે. અમુક વખતે કેટલાંક પાત્રોને થોડીવાર માટે બાજુમાં રાખીને અન્ય પાત્રોની કથાનું ચિત્રણ પણ કરાવી શકે છે. આ માટે લેખકે પાત્રોની ભાવલાગણીઓ, સંવેદનોને અનુભવવા પડતા હોય છે. કૃતિની કથાનો વિસ્તાર કરવા સાહિત્યકારો માટે આ પ્રયુક્તિ આશીર્વાદ બની રહી છે.

(૩) પીઠઝબકાર પ્રયુક્તિ (ફ્લૅશબૅક)

કથાના વર્તમાનસમયમાં ભૂતકાળની ઘટનાને આલેખવું એટલે 'ફ્લેશબેક ટૅકનિક'. ગુજરાતી ભાષામાં તેને 'પીઠઝબકાર' પ્રયુક્તિ કહે છે. સાહિત્યસર્જક પોતાની કૃતિઓમાં વર્તમાનમાં ભૂતકાળની ઘટનાઓનાં અંશ આલેખીને ધારેલું લક્ષ્ય પાર પાડે છે. આ પ્રયુક્તિ વડે લેખક પાત્રના જીવનમાં બનેલી મુખ્ય ઘટનાનું નિરૂપણ કરીને કથાને વિસ્તારે છે.

(૪) દ્વિકેન્દ્રી પ્રયુક્તિ (બાયફોકલ)

આ પ્રયુક્તિમાં વર્તમાનમાંથી ભૂતકાળમાં અને ભૂતકાળમાંથી વર્તમાનકાળમાં કથા વિસ્તરતી રહે છે. કથાના પાત્ર દ્વારા તેના ભૂતકાળ અને વર્તમાન બંનેને વાચકોની સમક્ષ વારાફરતી લવાય છે. આ પ્રયુક્તિમાં સર્જક પાત્રનાં ભૂતકાળમાં બની ગયેલી કોઈ એક ઘટનાને વર્તમાન સાથે જોડે છે. અહીં ભૂતકાળની ઘટનાનું કથન કરાય છે અને વર્તમાનની ઘટનાનું આલેખન કરવામાં આવે છે. આ પ્રયુક્તિની ખાસિયત એ છે કે જેમ જેમ કૃતિ તેના અંત તરફ આગળ વધતી જાય છે તેમ તેમ તેમાં

આલેખાયેલો ભૂતકાળ – વર્તમાનમાં સમાઈ જાય છે. આ કારણે જે તે કૃતિનો અંત વર્તમાનસંદર્ભમાં જ આવે છે. આમ, કૃતિમાં ભૂતકાળ અને વર્તમાનની આવ-જા થતી રહેતી હોય તે પ્રયુક્તિ એટલે ‘બાયફોકલ.’

(૫) ચેતનાપ્રવાહ

સાહિત્યકાર દ્વારા કૃતિઓમાં પાત્રોના વિચારો અને લાગણીઓનું આલેખન કરવામાં આવે છે. અમુક સમયે અમુક લાગણીઓમાં વહીને પાત્રનાં મનમાં જે વિચારો ચાલતા હોય તે ચેતનાપ્રવાહ કહેવાય છે. અહીં માનવલાગણીઓ આવા વિચારપ્રવાહ સાથે સંકળાયેલી હોય તે આવશ્યક છે. આ પ્રયુક્તિમાં એક વિચારની પાછળ તરત જ બીજો વિચાર આવતો હોય છે. આમ, વિચારોની હારમાળા વડે એક આખી વિચારશૃંખલા રચાય તેવી પ્રયુક્તિ એટલે ચેતનાપ્રવાહ.

(૬) મનોગત એકોક્તિ

મનોગત એકોક્તિનો અર્થ ‘પાત્રનાં મનમાં ચાલતી વિચારપ્રક્રિયા કે સંભાષણ’ એવો થાય છે. અહીં ચેતનાપ્રવાહની જેમ કોઈ લાગણીઓનો આવિર્ભાવ જરૂરી નથી. મનોગત એકોક્તિ હંમેશા પાત્રનાં મનમાં જ બોલાતી હોવાથી તે પાત્રના વિચારને સાંભળનાર કોઈ શ્રોતા હોતો નથી.

(૭) પ્રતીક

પ્રતીક એટલે ‘સંકેતચિહ્ન’. તેને અંગ્રેજીમાં ‘Symbol’ કહેવામાં આવે છે. પ્રતીક એ સાહિત્યની એવી પ્રયુક્તિ છે કે જેમાં સર્જક કથાપાત્રોનાં સંવેદનોને સીધી રીતે આલેખવાને બદલે વણસમજાયાં પ્રતીકોની મદદ લે છે. જેના દ્વારા એ વિચારો, સંવેદનો કે સ્થિતિનું ભાવકનાં મનમાં પુનઃસર્જન કરવાનો એક પ્રયાસ હોય છે. કથામાં આવતાં આવાં પ્રતીકો કૃતિનાં શબ્દ કે વાક્યમાં, કોઈ ઘટનામાં, પાત્રમાં, પરિસ્થિતિમાં, શીર્ષકમાં એમ કોઈ એકાદ જગ્યાએ રહીને જે તે પાત્રનાં જીવનનું, ભાવનું કે પરિસ્થિતિનું સૂચક બની રહે છે. સાહિત્યસર્જકો દ્વારા ગદ્ય અને પદ્ય બંને સ્વરૂપોમાં આ પ્રયુક્તિનો બહોળો ઉપયોગ કરેલો જોવા મળે છે.

(૮) સહોપસ્થિતિ

શબ્દકોશ મુજબ સહોપસ્થિતિ એટલે 'સાથે ઉપસ્થિત હોવું'. આ પ્રયુક્તિમાં લેખક પોતાની કથામાં કોઈ સમાન કે વિરોધી પાત્રો, વિચારો કે પરિસ્થિતિને સામસામે રાખીને તેમાંથી નવી જ ભાવસ્થિતિ જન્માવે છે. જેમ કે સારા વિચારો ધરાવતા પાત્રની સામે ખરાબ વિચારોવાળું પાત્ર, સ્વાવલંબી પાત્રની સામે પરાવલંબી પાત્ર મૂકી આપે. કોઈકવાર સામસામેની પરિસ્થિતિમાં સરખા જ વિચારો ધરાવતા પાત્રો કે પ્રસંગોને મૂકીને નવો અર્થ નિપજાવવામાં આવે ત્યારે તેવી પ્રયુક્તિને 'સહોપસ્થિતિ' કહેવામાં આવે છે.

(૯) પત્ર

પત્ર એ પણ એક સાહિત્યસ્વરૂપ છે. સાહિત્યસર્જક પોતાની કૃતિઓમાં પત્રપ્રયુક્તિનો પણ ઉપયોગ કરતો જોવા મળે છે. પત્ર દ્વારા સર્જક પાત્રના વ્યક્તિત્વને, તેની ભાવલાગણીઓને ઉજાગર કરી મૂકે છે. તેના દ્વારા કથાના પાત્રને ભાવક સારી રીતે સમજી શકે તે સર્જકનો હેતુ હોય છે.

(૧૦) સ્વપ્ન પ્રયુક્તિ

સાદી અને સરળ ભાષામાં કહીએ તો સ્વપ્ન એટલે 'શમણું'. અંગ્રેજી ભાષામાં તેને 'Dream' કહેવાય છે. તે વ્યક્તિની જાગૃત અવસ્થા કે સુપ્ત અવસ્થા દરમિયાન ચિત્તમાં ચાલતી એક તરંગલીલા છે. સ્વપ્નની અવસ્થા દરમ્યાન મનની એક કલ્પના બીજી કલ્પના સાથે જોડાય છે. વ્યક્તિ જયારે સ્વપ્ન જુએ છે ત્યારે તેની સાથે તેનો સમાજ, પર્યાવરણ બધું જોડાયેલું જ હોય છે. જેના કારણે તેને લગતા વિચારો અને કલ્પનાઓ તેના મનમાં પ્રગટ થાય છે.

માનવજીવનમાં જે વાસ્તવમાં અસ્તિત્વમાં હોતું નથી તે બધું જ સ્વપ્નમાં શક્ય બને છે. તેથી સ્વપ્નને માનવીનાં વિચારો અને વૃત્તિઓનું પ્રતિબિંબ કહી શકાય. તેમાં સ્થળ કે કાળનું મહત્વ હોતું નથી. સ્વપ્નના મુખ્યત્વે બે પ્રકાર છે. (૧) રાત્રિસ્વપ્ન (૨) દિવાસ્વપ્ન. વ્યક્તિ રાત્રે ઊંઘમાં જે સ્વપ્ન જુએ છે તે રાત્રિસ્વપ્ન તરીકે ઓળખાય છે. દિવસ દરમ્યાન અર્ધચેતન અવસ્થામાં રહીને જે સ્વપ્ન જુએ

છે તે દિવાસ્વપ્ન તરીકે ઓળખાય છે. દિવાસ્વપ્ન અર્ધજાગ્રત અવસ્થામાં જોવાતું હોવાથી તે વાસ્તવની નજીક હોય છે.

(૧૧) સંવાદ

ટૂંકીવાર્તામાં પાત્રોનો સંવાદ પણ મહત્વનો સાબિત થાય છે. વાર્તામાં નિરૂપાયેલા સંવાદો વાર્તાને વિકસાવે છે. આમ તો વાર્તા પહેલેથી જ સાંભળીને માણવાની કૃતિ રહી છે એટલે પાત્રો દ્વારા બોલાયેલા શબ્દોનું એમાં આગવું મહત્વ રહેલું છે. તેમાં સામાન્ય રીતે ટૂંકા સંવાદ હોય છે. તેના દ્વારા પાત્રની મન:સ્થિતિ ઉજાગર થઈ જાય છે.

(૧૨) ભાષાશૈલી

કોઈપણ વાર્તાકાર પોતાની વાર્તાઓમાં કલાત્મકતા લાવવા માટે ક્યારેક વર્ણન, કાવ્યપંક્તિઓ અને આલંકારિક ભાષાનો ઉપયોગ કરતો રહે છે. કુન્દનિકા કાપડીઆની વાર્તાઓમાંથી આવાં વિધાનોને શોધી કાઢીને અહીં ભાષાશૈલી સ્વરૂપે રજૂ કરવામાં આવ્યાં છે.

આ પ્રકરણમાં ભાવનાત્મક સંઘર્ષના આલેખન માટે ઉપયોગમાં લીધેલ પ્રયુક્તિઓને સંવેદન મુજબ ચઢતાથી ઊતરતા ક્રમમાં ગોઠવેલ છે. આ ગોઠવણીમાં સંવેદનના સંઘર્ષને દર્શાવવા વાર્તાકારે જેનો વિશેષ ઉપયોગ કર્યો હોય તેવી પ્રયુક્તિઓ દર્શાવતી વાર્તાઓ પ્રથમ મૂકવામાં આવી છે. ત્યારબાદ એનાથી ઊતરતા ક્રમની પ્રયુક્તિઓ મુજબ વાર્તાગોઠવણી કરેલ છે. આ સાથે પ્રયુક્તિઓની તીવ્રતાને પણ ધ્યાને રખાઈ છે. વાર્તાકારે સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષના નિરૂપણ માટે ખપમાં લીધેલ પ્રયુક્તિઓ વિશે અભ્યાસ કરવાનું પ્રયોજન આ પ્રકરણમાં નિહિત છે.

## જૂથ ૧- હતાશા

કુન્દનિકા કાપડીઆની વાર્તાઓને સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષની દૃષ્ટિએ તપાસતાં જણાયું છે કે અહીં સ્ત્રીપાત્રોનો હતાશાની ભાવના સાથેનો સંઘર્ષ સૌથી વધુ છે. ચયન કરેલી

વાર્તાઓમાંથી કુલ બાવીસ વાર્તાઓનો સમાવેશ આ જૂથમાં થઈ જાય છે. આ કારણે આ જૂથની વાર્તાઓને અહીં પ્રથમ મૂકવામાં આવી છે. આ જૂથમાં સામેલ વાર્તાઓમાં ભાવનાત્મક સંઘર્ષ માટે કથન પ્રયુક્તિ, ચેતનાપ્રવાહ, સંવાદ, મનોગત ઉક્તિ, પીઠઝબકાર, બાયફોકલ અને સ્વપ્ન પ્રયુક્તિનો વિનિયોગ જોવા મળે છે. હતાશાના આલેખનમાં ખપમાં લીધેલ આ પ્રયુક્તિઓ વિશેની થોડી સ્પષ્ટતા અહીં કરવામાં આવી છે.

## કથન પ્રયુક્તિઓનો વિનિયોગ

- 'અંધકાર' (પ્રેમનાં આંસુ, ૧૯૫૪)

વાર્તાકારે સુચરિતાની પ્રેમાનુભૂતિનું આલેખન કરુણતા અને સંઘર્ષ વડે કર્યું છે. અહીં સુચરિતા સ્વ દ્વારા જ જીવનના સંઘર્ષમય ભૂતકાળને યાદ કરે છે. પ્રથમ પ્રેમની અનુભૂતિ જયારે નિરાશામાં પરિણમે છે ત્યારે તે ભગ્નહૃદયે સૂરજથી દૂર થઈ જાય છે. થોડા સમય પછી પિતાનું પણ મૃત્યુ થતાં તે એકલતામાં ઘેરાઈ જાય છે. તેની મન:સ્થિતિ દર્શાવતાં આ વિધાન જુઓ: "દિવસ ને રાત મેં રડ્યા જ કર્યું.... હવે જીવવાનું કોઈ પ્રયોજન ન રહ્યું." (પૃ. ૧૦૮)

અહીં સુચરિતા પોતે જ એનો સંઘર્ષમય ભૂતકાળ રજૂ કરે છે. સ્વકથન દ્વારા જ એની વેદનાનો ચિતાર રજૂ કરાયો છે. એના સંઘર્ષ નિરૂપણ માટે અહીં પ્રથમ પુરુષ એકવચન કથનપ્રયુક્તિ જોવા મળે છે.

- 'સૂરજ ઊગશે' (વધુ ને વધુ સુંદર, ૧૯૬૭)

પ્રેમનિષ્ફળતાને કારણે જીવનથી હારી ગયેલી નાયિકાની મન:સ્થિતિનું અહીં નિરૂપણ છે. આ સ્થિતિમાં ક્યાં જવું? શું કરવું? તે સમજાતું નથી. એની વ્યથા એના જ શબ્દોમાં જોઈએ: "સાચું પૂછો તો મારી શરીર પ્રત્યેની સભાનતા જ ઓછી થતી જતી હતી... હું મૃત્યુનો વિચાર કરવા લાગતી." (પૃ. ૧૪૬)

અહીં નાયિકા આત્મકથન દ્વારા જ એના મનની સ્થિતિને વર્ણવતી જોવા મળે છે. સંઘર્ષનિરૂપણ માટે પ્રથમ પુરુષ એકવચન કથનપ્રયુક્તિનો ઉપયોગ કરેલો જોવા મળે છે.

- 'પથ્થરનું સંગીત' (કાગળની હોડી, ૧૯૭૮)

અહીં બાળનાયકની માતાનો સંઘર્ષ આલેખાયો છે. પતિ સાથે થતા ઝગડાઓનાં કારણે તેની મા સંઘર્ષની સ્થિતિમાં મૂકાય છે. જીવનનો અંતિમ નિર્ણય લેતાં પહેલાંની એની સંઘર્ષમય સ્થિતિ આ વિધાનોમાં જોઈ શકાય છે. દીકરાને તે શિખામણ આપતાં કહે છે કે: "મને તારા માટે ચિંતા થતી નથી... ખાતર તો તારી સાથે પરણાવતા નથી ને !" (પૃ. ૧૮૦)

અહીં વાર્તાકારે નાયકની માના સ્વકથન દ્વારા જ એની હૃદયવ્યથા વર્ણવી છે. સંઘર્ષનિરૂપણ માટે પ્રથમ પુરુષ એકવચન કથનપ્રયુક્તિનો વિનિયોગ કરેલો જોવા મળે છે.

- 'તારાછાયી રાત' (પ્રેમનાં આંસુ, ૧૯૫૪)

સુમાની કૉલેજકાળની સખી અલકાનો પ્રણયસંઘર્ષ એના સ્વકથન વડે જ વર્ણવાયો છે. અલકા દુઃખી હૃદયે એની પ્રેમકહાણી સુમાને વર્ણવતાં કહે છે કે: "સુમા, પ્રેમ વિશે આપણને કેવા ખ્યાલો હોય છે!.... આપણને કેટલી બધી અપેક્ષા હોય છે!" (પૃ. ૧૪૫)

પ્રણયભગ્ન અલકાના હૃદયની ઉદાસી તેના આત્મકથનમાં જોવા મળે છે. જેના દ્વારા તેની વ્યથાને ઉજાગર કરવામાં આવી છે. સંઘર્ષ માટે અહીં પ્રથમ પુરુષ એકવચન કથનપ્રયુક્તિ જોવા મળે છે.

સંવાદ

વાર્તામાં આવતા વિનય સાથેના સંવાદમાં પણ અલકાનો સંઘર્ષ જોવા મળે છે. નીચેના સંવાદમાં તેની વિનય પ્રત્યેની અપેક્ષાઓ ભંગ થતી જોવા મળે છે.

વિનય એને કહે છે કે: "ત્યાં ગયા પછી તને કાંઈ થઈ ગયું તો હું શું કરીશ?"

....કોલ દીધા છે, તો...વિનય, તું પણ ચાલ તો મારી સાથે!"... એનાથી હું ચોંકી ગઈ. (પૃ. ૧૪૬)

અલકાની સંઘર્ષમય સ્થિતિ દર્શાવવા અહીં સંવાદનો સહારો લેવામાં આવ્યો છે.

- 'માધવ અને કુસુમી' (વધુ ને વધુ સુંદર, ૧૯૬૭)

જ્યારે માધવ અને કુસુમી ધસમસતાં પૂરમાં તણાય છે ત્યારે તેને ફરીથી માધવ સાથે જીવન વિતાવવાની શક્યતા જણાય છે. વાર્તાકારે તેની વ્યથા દર્શાવતાં નોંધ્યું છે કે: "આંસુ ભરી આંખે કુસુમીનો નિર્દોષ ચહેરો, માધવની સામે તાકી રહ્યો... પછી બહાર નીકળી જઈશું." (પૃ. ૪૨)

તેના સંઘર્ષને વર્ણવવા માટે ત્રીજો પુરુષ એકવચન કથનપ્રયુક્તિનો સહારો લેવાયો છે.

- 'વિદાય' (વધુ ને વધુ સુંદર, ૧૯૬૭)

મનમોહનની કવિતાઓ સાંભળી ગોપિકા એને ચાહવા માંડે છે. અન્ય સાથે લગ્ન નક્કી થઈ ગયા છે. એ બંધનને તોડી શકવાની હિંમત તે કરી શકતી નથી. આ સ્થિતિમાં તે સંઘર્ષ અનુભવે છે. તેના સ્વકથનમાં એનો મનોસંઘર્ષ રજૂ થયો છે. આ વિધાનો જુઓ: "જીવનની સમગ્ર એષણાઓને પોતાનામાં સમાવી લેતી એક તીવ્રતમ... મોટું બંધન બને છે." (પૃ. ૮૦)

અહીં સંઘર્ષ નિરૂપણ માટે પ્રથમ પુરુષ એકવચન કથનપ્રયુક્તિનો વિનિયોગ જોવા મળે છે.

પીઠઝબકાર પ્રયુક્તિ

મનમોહન એની પ્રણયવેદનાને દૃશ્યમાન કરવા માટે સ્વમુખે જ વાત રજૂ કરે છે. એના જીવનમાં બની ગયેલ ઘટનાને વર્ણવતાં તે જણાવે છે કે: "તે દિવસે સાંજે હું ટ્રેનમાં નીકળી જ ગયો હોત... આવી ભારે વ્યથાથી પીડાવાની ઘડી ન આવત." (પૃ. ૭૨)

ગોપિકા સાથે વિતાવેલી થોડા દિવસોની મધુર પળો એના માટે જીવનભરની વેદના બની ગઈ છે. જેના કારણે હવે પ્રેમનિષ્ફળતાનાં દુઃખમાં ઝૂરતા મનમોહનની વ્યથાને પીઠઝબકાર પ્રયુક્તિથી પ્રગટ કરાઈ છે.

ભાષાશૈલી

સંઘર્ષ નિરૂપણ માટે વાક્યનું પુનરાવર્તન અને કાવ્યપંક્તિઓનો વિનિયોગ પણ થયેલો જોવા મળે છે.

- "તમે એક વર્ષ પહેલાં કેમ ન આવ્યા?" (પૃ. ૮૩)

આ વિધાનનું ગોપિકા પાસે વારંવાર પુનરાવર્તન કરાવીને વાર્તાકારે તેની મન:સ્થિતિને વર્ણવી આપી છે.

- "હું મરણને દ્વાર આવી ઊભો છું. તું શું મને કિરણને દ્વાર પહોંચાડી શકશે?" (પૃ. ૭૯)

મનમોહન દ્વારા ઉચ્ચારાયેલી ઉપરોક્ત પંક્તિઓ દ્વારા વાર્તાકારે એના ભાવનાત્મક સંઘર્ષને વર્ણવ્યો છે.

- 'ડહેલિયાનું ફૂલ' (વધુ ને વધુ સુંદર, ૧૯૬૭)

નાયકના કથન દ્વારા જ અહીં સોમાની સંઘર્ષમય સ્થિતિ ઉજાગર થાય છે. વાર્તાના અંતે નાયક સોમાની વ્યથા જણાવતાં કહે છે કે: "અચાનક જ મારા ખભા પર માથું નાખી દઈ તે રડી પડી ને બોલી.... ટીપાં પડતાં તે ચમકી ગઈ." (પૃ. ૫૭)

સંઘર્ષ નિદર્શન માટે અહીં કથન પ્રયુક્તિનો વિનિયોગ કરેલો જોવા મળે છે.

- 'માર્ગ ક્યાં છે?' (વધુ ને વધુ સુંદર, ૧૯૬૭)

ભૌતિક સુખસગવડો વચ્ચે સુનંદા એકલતા અનુભવે છે. આ સ્થિતિમાં તે હતાશ છે. નાયકનાં આ વિધાનોમાં તે સૂચિત થાય છે: "તમે મારી સામે અનિમેષ જોઈ રહ્યાં... વેદના ઊભરાઈ ઊઠી હતી, તે પૂર્વે મેં ક્યારેય જોઈ નહોતી." (પૃ. ૧૦૩)

અહીં વાર્તાકારે કથનપ્રયુક્તિનો વિનિયોગ સાધીને સુનંદાના સંઘર્ષ છતો કર્યો છે.

સંવાદ

સુનંદાની મા બીમાર હોવાથી પૈસાની તંગીને કારણે મિ.સેન સાથે પરણવું પડે છે. વાર્તામાં આવતો આ સંવાદ સુનંદાની વ્યથાને વર્ણવતો નજરે પડે છે.

" મારી માં માંદી છે," મેં કહ્યું...

.... તમારા પૈસા એ તમારી પરતંત્રતા પણ શું નહોતી?" (પૃ. ૧૦૦)

આ સંવાદમાં સુનંદાની હતાશા સાથેનો સંઘર્ષ જોવા મળે છે.

- 'મનુષ્ય થવું' (મનુષ્ય થવું, ૧૯૯૦)

વાર્તાકારના કથન દ્વારા જ શ્રીમંત દક્ષાની મનઃસ્થિતિ અહીં વર્ણવાઈ છે. તેની એકલતાની વ્યથાને દર્શાવતાં આ વિધાનો જુઓ: "આગલી રાતની પાર્ટી પછી આખું ઘર... હૃદય ખાલી રહ્યું હતું." (પૃ. ૬૭)

અહીં ત્રીજા પુરુષ એકવચન કથનપ્રયુક્તિ દ્વારા દક્ષાની હતાશાનો ખ્યાલ આપવામાં આવ્યો છે.

ભાષાશૈલી

વાર્તાકારે અહીં દક્ષાની એકલતાને નિરૂપી છે. તેની એકલતા દર્શાવવા માટે દક્ષાના ઘરમાં ઉજવાયેલી પાર્ટીનું વર્ણન મૂક્યું છે તે જોઈએ: "સવારે ઊઠી તો પણ હજુ આંખોમાં ઊંઘનો ભાર હતો... પાર્ટી પછી કેટલું બધું વેરાયું હતું આખા ઘરમાં!" (પૃ. ૬૭)

આમ, વાર્તાકારે દક્ષાના ઘરની ગઈરાતની પાર્ટીનું વર્ણન મૂકીને તેની મનઃસ્થિતિનો ચિતાર આપ્યો છે. તેનાં જીવનમાં તમામ વૈભવની વચ્ચે આડંબરભર્યા આનંદની નકરી કૃત્રિમતા, યાંત્રિકતાનો ભાર વ્યાપી ગયો હોય તેવું દૃશ્યમાન થાય છે. ઉપરના ફકરામાં દક્ષાની એકલતાને વર્ણવીને વાર્તાકારે આજના શ્રીમંત કુટુંબોના પ્રેમ વગરનાં એકલવાયા જીવનને ખુલ્લું પાડ્યું છે.

### ચેતનાપ્રવાહ પ્રયુક્તિનો વિનિયોગ

- 'એક પત્ર' (જવા દઈશું તમને, ૧૯૮૩)

નાયિકાના પતિનું મૃત્યુ થયું છે. નાયિકાના માનસપટ પર વિચારો જાગ્રત થાય છે. એ વિચારોને તે પત્ર સ્વરૂપે મૃત પતિ સમક્ષ રજૂ કરે છે. જેમાં એનાં જીવનનો સંઘર્ષ જોવા મળે છે. પતિના મૃત્યુ માટે તે કંઈક અંશે પોતાને પણ જવાબદાર ગણાવતાં કહે છે કે: "હું જો તમારી સાથે હોત!... વધુ સહૃદયતાથી વર્તી હોત!" (પૃ. ૨૦૮)

ચેતનાપ્રવાહની પ્રયુક્તિથી વિચારો જાગ્રત કરીને વાર્તાકારે તેની વ્યથાને વિસ્તારી છે.

પીઠઝબકાર પ્રયુક્તિ

પતિને પત્ર લખતી નાયિકા જીવનમાં બની ગયેલ ઘટનાઓને રજૂ કરે છે. આ ઘટનાઓનું સ્મરણ એને સંઘર્ષમય બનાવે છે. પીઠઝબકાર પ્રયુક્તિનાં વિનિયોગ દ્વારા એનાં જીવનની ઘટનાઓ આલેખાઈ છે. આ રીતે તેનાં સંઘર્ષોનું નિરૂપણ કરેલું જોવા મળે છે.

ભાષાશૈલી

અહીં વિધવા નાયિકાની મન:સ્થિતિ દર્શાવવા માટે કલાત્મક વિધાનોનો ઉપયોગ થયો છે. જે નીચે મુજબ છે.

- પીડાની ધાર બુઠ્ઠી બની છે. પણ જખમ હજી રૂઝાયો નથી. (પૃ. ૨૧૪)
- મેં માન્યું કે દુનિયાની સકળ સમૃદ્ધિ મારા હાથમાં છે... કેવળ ખાલીપો નીકળ્યો. (પૃ. ૨૧૪)

- 'ઉષ્મા' (મનુષ્ય થવું, ૧૯૯૦)

પાર્ટીમાં સામેલ ન થઈ શકતી વૃદ્ધ નાયિકા બાલ્કનીમાંથી બધું જુએ છે. એકલતાની આ સ્થિતિમાં તે વિચારે છે કે: "અત્યારે પોતાના વિશે કોઈ જ સભાન ન હોય તો પોતે જીવતી છે એમ કહેવાય ખરું?.... જો પ્રકાશિત ન થાય તો સાર્થક શી રીતે થાય?" (પૃ. ૭૯)

અહીં, ચેતનાપ્રવાહ પ્રયુક્તિ વડે નાયિકાની મન:સ્થિતિનો અહીં ખ્યાલ અપાયો છે.

પીઠઝબકાર પ્રયુક્તિ

નાયિકા વૃદ્ધાવસ્થાના કારણે પરિવારની ઉપેક્ષાનો ભોગ બને છે. બધી જ ભૌતિક સગવડો હોવાં છતાં તે પરિવારના સ્નેહના સ્પર્શને ઝંખે છે. એકલતા તેને ઘેરી વળે છે. આ સ્થિતિમાં સંઘર્ષમય ભૂતકાળ યાદ આવે છે. નાયિકા તેના ભૂતકાળમાંય ક્યારેય સુખને પામી નથી. એનો ખ્યાલ વાર્તાકારે પીઠઝબકાર પ્રયુક્તિ દ્વારા આપ્યો છે.

વક્રતાનો વિનિયોગ

વાર્તાકારે કથન દ્વારા નાયિકાની એકલતાનો ચિતાર આપ્યો છે. એ માટે અહીં વક્રભાષાનો ઉપયોગ કર્યો છે. જે વાર્તાની શરૂઆતમાં આવતાં આ વિધાનોમાં વ્યક્ત થઈ છે: "બારણું ઉઘાડીને તે ચુપચાપ બાલ્કનીમાં... તે બધાંને જોઈ શકે, પણ કોઈ તેને જોઈ શકે નહિ." (પૃ. ૭૬)

- 'છબી' (જવા દઈશું તમને, ૧૯૮૩)

નાયિકા સંઘર્ષમય સ્થિતિમાં ભાન ભૂલી ભૂતકાળના પ્રેમીના ઘરે પહોંચી જાય છે. પ્રેમી એને એક વાત કહેવા ઇચ્છે છે. તે એમના ભૂતકાળની વાતો યાદ કરશે એવી તે અપેક્ષા રાખે છે. પોતાને તે કઈ વાત કહેવાનો હશે? તે વિચારે છે. એના આ વિચારોમાં એનો સંઘર્ષ જોવા મળે છે: "અસ્પષ્ટપણે હું ધ્રૂજી રહી... એક સ્નેહ છે, નિષ્ફળતાની એક વેદના છે?" (પૃ. ૧૩૬)

અહીં ચેતનાપ્રવાહની પ્રયુક્તિ વડે તેના સંઘર્ષનું નિરૂપણ છે.

મનોગત ઉક્તિ

નાયિકા જયારે પોતાના ભૂતકાળના પ્રેમીને મળે છે ત્યારે તે મનોમન બોલી ઊઠે છે કે: "ન કહેતા, ન કહેતા. જે સૂરજ આથમી ગયો છે... બધી તાજી થઈને ચચરવા લાગે..." (પૃ. ૧૩૭)

વાર્તાકારે અહીં મનોગત ઉક્તિનો ઉપયોગ કરીને નાયિકાના મનની વ્યથાને દર્શાવી દીધી છે.

- 'નવું ચિત્ર' (જવા દઈશું તમને, ૧૯૮૩)

વૃદ્ધાવસ્થાના ઉંબરે આવેલી નાયિકાને આ સ્થિતિમાં હવે એકલતા સારે છે. કંઈક એવું હતું જે અત્યાર સુધીના આનંદમય જીવનમાં નિરાશાની પાનખર લઈને આવ્યું હતું. એ શું હતું? તે વિશેના ખ્યાલોમાં એ સંઘર્ષ અનુભવે છે. તે વિચારે છે કે: "આ જીવનમાં થયેલી કોઈ ભૂલનું પરિણામ હતું?.... હૃદયની અંદર મોટા અવાજે થડકી ઊઠે છે!" (પૃ. ૨૨૦)

અહીં વાર્તાકારે ચેતનાપ્રવાહ પ્રયુક્તિ દ્વારા નાયિકાની મન:સ્થિતિનો ચિતાર આપી દીધો છે.

પીઠઝબકાર પ્રયુક્તિ

વાર્તામાં નાયિકા પોતાના આનંદમય ભૂતકાળનું સમરણ કરે છે. એ જીવન કેવું હતું? અને સમયની સાથે સાથે હવે તેમાં કેવો બદલાવ આવી રહ્યો છે? તેમ વિચારી જીવનમાં આવી રહેલા

સૂનકારને તે અનુભવે છે. અહીં પીઠઝબકાર પ્રયુક્તિ દ્વારા તેને જીવનમાં વ્યાપી રહેલી એકલતા અને ઉદાસીનો ખ્યાલ આવે છે. આ સાથે જ તે હતાશાનો સંઘર્ષ કરતી જણાય છે.

ભાષાશૈલી

નાયિકાના જીવનમાં આવેલી એકલતા અને ખાલીપો દર્શાવવા કલાત્મક વાક્યોનો વિનિયોગ થયો છે. જે આ મુજબ છે.

- અર્થસભર ઝંકારોથી ભરેલી નીરવતા હવે નિર્જન, એકલવાયી લાગતી હતી. (પૃ. ૨૧૯)
- જીવનમાં ગમે તેટલો સાથ સાંપડે તોયે હૃદયને... વિષાદનું ગીત ગાયા જ કરે છે. (પૃ. ૨૧૯)

- 'સંબંધ' (મનુષ્ય થવું, ૧૯૯૦)

સુગીતનાં મુખે "મારે નવો બાપ નથી જોઈતો..." આ વાક્ય સાંભળીને નિરંકાનાં મનમાં હતાશાને પોષતાં અનેક વિચારો જન્મે છે. જે આ મુજબ છે: "'નવો બાપ' આ શબ્દો એને કોણે શીખવ્યા?... આશંકાથી ભરેલી છબિ.'" (પૃ. ૭૦)

પુત્રનાં મુખે બોલાયેલાં શબ્દો સાંભળીને તે હતાશ થાય છે. વાર્તાકારે અહીં ચેતનાપ્રવાહનો વિનિયોગ કરીને નિરંકાના મનોસંઘર્ષને અહીં ઝીલ્યો છે.

મનોગત ઉક્તિ

સમાજે બનાવેલાં નિયમોને કારણે સ્ત્રી અને પુરુષમાં અસમાનતા વ્યાપી છે. જેનો નિરંકા મનોમન વિરોધ કરે છે. જે આ વિધાનોમાં જોવા મળે છે: "તો પછી ક્યાં એક ખાઈ પડી ગઈ?... નવી હોય કે જૂની, મા એટલે મા." (પૃ. ૭૦)

વાર્તાકારે અહીં મનોગત ઉક્તિઓનું પ્રયોજન કરીને નિરંકાનો સંઘર્ષ વ્યક્ત કર્યો છે.

ભાષાશૈલી

નિરંકાની હતાશા દર્શાવવા માટે અહીં કલાત્મક વિધાનનો વિનિયોગ જોવા મળે છે. જે આ મુજબ છે.

- "પછી એક ઉદાસ ઘરનો એકલ ખૂણો અને લાંબો, તડકે તપેલો પથ." (પૃ. ૭૨)

**સંવાદ પ્રયુક્તિનો વિનિયોગ**

- ‘બળતો બપોર’ (કાગળની હોડી, ૧૯૭૮)

નાયિકાના મનોસંઘર્ષને વધુ ઘેરો બનાવવા માટે અહીં સંવાદનો સહારો લેવાયો છે. જે નીચે મુજબ છે. “‘અલી તું ક્યાં ગઈ હતી? પાડોશણે તેને વિસ્મયથી પૂછ્યું.....

‘આવી ગયાં?’ તેણે ફાળ સાથે પૂછ્યું... ‘અને જમવાનું?’ તેણે નિરાશ થઈને પૂછ્યું.’” (પૃ. ૧૩૩)

ભાષાશૈલી

વાર્તાકારે સંઘર્ષના નિરૂપણ માટે અલંકાર અને કલાત્મક ઉક્તિઓનો વિનિયોગ પણ કર્યો છે. જે નીચે મુજબ છે.

- એક ક્ષણ તેને લાગ્યું કે આ રસ્તા પર... સળગતા કોલસા પાથરી દીધા છે. (પૃ. ૧૩૫)
- તેની આંખમાં અચાનક એટલા બધાં આંસુ ઊભરાયા કે... તેનું એક પૂર થઈ જાય. (પૃ. ૧૩૫)

- ‘સ્નેહધન’ (વધુ ને વધુ સુંદર, ૧૯૬૭)

વાર્તામાં આવતા સંવાદ દ્વારા વિધવા ફોઈની મનોવ્યથા ફલિત થતી જોવા મળે છે. નીચેના સંવાદમાં ફોઈની હતાશા જોવા મળે છે: “તેના વાળમાં હાથ પસવારતી ધીમે અવાજે બોલી: “જતીન બેટા, હું અહીં રહું તે તને ગમે કે ન ગમે?”....

“હવે હું ઊંઘી ગયો છું. મને બોલાવો નહિ.”

.... પણ અહીં એની કશી ભાવના કામ લાગી નહિ, એ જાણી તે મનમાં દુઃખી થઈ.” (પૃ. ૧૩)

- ‘શોધ’ (વધુ ને વધુ સુંદર, ૧૯૬૭)

સુનાલીના સંઘર્ષને વર્ણવવા માટે અહીં સંવાદનો વિનિયોગ થયો છે. સુનાલી અને નાયિકા વચ્ચેના આ સંવાદમાં તેની સંઘર્ષમય સ્થિતિનો ખ્યાલ આવે છે. જે નીચે મુજબ છે.

“એક દિવસ તે કંઈક વધારે ગમગીન હતી... પણ તેનું મોં ઉદાસ જ રહ્યું.”

મેં કહ્યું: “કંઈક બોલ ને સુનાલી!”... “એકવાર મધુસૂદનને બોલાવી લાવશે?” (પૃ . ૧૩૪)

અહીં આ સંવાદમાં સુનાલીની વ્યથા દૃશ્યમાન થાય છે.

- 'હરિ આવન કી આવાજ' (કાગળની હોડી, ૧૯૭૮)

અહીં કેટી અને વાર્તાકાર પાત્રનાં સંવાદ દ્વારા જ વાર્તા આગળ વધે છે. જેના દ્વારા બંને પાત્રોનો સંઘર્ષ અનુભવાય છે. આ વિધાનોમાં કેટીની મન:સ્થિતિ જોવા મળે છે: "હું ફરીને પૂછું છું... ખોટું ઘર વસાવી ચૂક્યાં હોઈએ છીએ." (પૃ. ૭)

આમ, વાર્તાકાર પાત્ર સાથેની વાતચીતમાં કેટીની બંધનાવસ્થા ઉજાગર થાય છે. એમાંથી નીકળી ન શકવાની ઉદાસી બંને વચ્ચેના સંવાદમાં જોવા મળે છે.

ભાષાશૈલી:

કેટીની મનો:વ્યથાને દર્શાવવા માટે વાર્તાકારે વાર્તાના અંતમાં તેને ગીત ગણગણતી બતાવી છે. જેમાં એની તીવ્ર હતાશા જોવા મળે છે. જે આ મુજબ છે.

- 'મારી એકલતાની અસહ્ય વ્યથા પર તમે રૂપ અને શણગારનું ઢાંકણ દીધું છે....
  તમે મૃત્યુ પામતાં હો ત્યારે તમને સુખ મળે તેનો શો અર્થ છે?' (પૃ. ૮)

## મનોગત ઉક્તિનો વિનિયોગ

- 'મુક્તિ' (કાગળની હોડી, ૧૯૭૮)

દીકરાની ઉજ્જવળ કારકિર્દી માટેનાં પ્રયત્નો નિષ્ફળ જતાં નાયિકા હતાશ થાય છે. આ બાબતે દીકરાને સમજાવતાં હવે તે પુત્રને પોતાનાથી દૂર જતો અનુભવે છે. આ સ્થિતિમાં તે મનોમન વિચારે છે કે: "હું શું કરું?... આ દૃષ્ટિમાં પરિચયનું તેજ ઝળકે?... તે મને સ્નેહાસિક્ત કંઠે બોલાવે : 'મા!'" (પૃ. ૧૫૯)

આવા વિચારો ઉદ્દીપ્ત થતાં નાયિકા વધુ હતાશ થાય છે. દીકરો પોતાનાથી દૂર થઈ જશે એવો કાલ્પનિક ભય પણ તેનામાં ઉજાગર થાય છે. અહીં મનોગત ઉક્તિ તેના સંઘર્ષને ઘેરો બનાવતી જોવા મળે છે.

ભાષાશૈલી

નાયિકાના સંઘર્ષને પોષવા માટે વાર્તાકારે અહીં કલાત્મક ભાષાનો વિનિયોગ પણ કર્યો છે. જે નીચેનાં વિધાનોમાં જોવા મળે છે.

- કિનારાની કથ્થઈ રેતીને ધીમે ધીમે સાગરનાં ધવલ ફીણે... બાહુપાશમાં વીંટી લીધી. (પૃ. ૧૬૦)
- દિવસે દિવસે મારી ને તેની વચ્ચે.... જેની આરપાર હું તેનું મુખ જોઈ શકું. (પૃ. ૧૫૮)

## પીઠઝબકાર પ્રયુક્તિનો વિનિયોગ

- 'પ્રથમ રાત્રિએ' (વધુ ને વધુ સુંદર, ૧૯૬૭)

વાર્તામાં તદ્દન નવા પરિવેશને કારણે મંજુ સંઘર્ષ અનુભવે છે. આ સ્થિતિમાં પિયરની યાદ એના સંઘર્ષને  વધારે છે. મંજુના સંઘર્ષને વધારવા માટે એને ભૂતકાળમાં લઈ જતાં વાર્તાકાર લખે છે કે: "તેનું હૃદય એક અવ્યક્ત વિષાદથી ભરાઈ ગયું... ગામની ગંદી ગલીના એક નાના-શા મકાનમાં..." (પૃ. ૨૩)

આ વિધાનો સાથે મધુના માનસપટ પર એનાં પિયરનાં સંસ્મરણો તાજા થાય છે. જે એના સંઘર્ષને પોષે છે. અહીં પીઠઝબકાર પ્રયુક્તિ વડે મંજુની સંઘર્ષમય મન:સ્થિતિને ઉદ્દીપ્ત કરાઈ છે.

મનોગત ઉક્તિ

પોતાના નવા રૂમને જોઈને મંજુ મનોમન કહે છે કે: "હવે શું આ જ ખંડમાં જિંદગી આખી પસાર કરવાની?" (પૃ. ૨૫)

આ ઉક્તિ વડે મંજુની હતાશા વધે છે. એના સંઘર્ષ માટે આ મનોગત ઉક્તિ પણ કામે લાગી છે.

ભાષાશૈલી

વાર્તામાં લગ્નનું આબેહૂબ વર્ણન મૂકીને વાર્તાકારે નવોઢા મંજુનો સાસરીના નવા પરિવેશને લઈને સ્વસંઘર્ષ વર્ણવ્યો છે. જે આ મુજબ છે: "પછી મંડપ નીચેની એ ઘડીઓ....પોતાની જ અંદર ઊઠતા જોરદાર આવેગોએ ધુમ્મસ બનીને નજરને ઝાંખી કરી દીધી છે." (પૃ. ૨૦)

વાર્તાકારે મંજુના ઘરની આસપાસનું પ્રકૃતિવર્ણન પણ આલેખ્યું છે. પિયરની પ્રકૃતિશોભાની મીઠી યાદોને જગાડીને, મનમાં ઝંઝાવાત પેદા કરીને તેને સંઘર્ષની સ્થિતિમાં લઈ ગયા છે. એ સૂચવતાં વિધાનો જોઈએ: "તેનાં ગામની ગંદી ગલીમાં સવારનો તડકો... તેનું મન એ ધરતીને ઝંખી રહ્યું." (પૃ. ૨૩)

વાર્તાકારે મંજુના જીવનને સ્પર્શતી એ દરેક બાબતોને યાદ કરાવીને તેને ભાવવિભોર બનાવી છે. જેથી તેનું હૃદય ફરીથી તેનાં પોતાનાં મલકમાં દોડી જવા આતુર બને છે. ઉપરોક્ત વર્ણન મંજુના મનોચિત્તની વ્યથાને ઉજાગર કરતું જોવા મળે છે.

મંજુની એકલતાની વ્યથાના નિરૂપણ માટે વાર્તાકારે કલાત્મક વિધાનોનો પણ અહીં વિનિયોગ કર્યો છે. જે નીચે મુજબ છે.

- આખોય વખત ચારે તરફ ઊભરાતાં ટોળા... તે પુરાઈ ગઈ હોય તેમ લાગતું હતું. (પૃ. ૨૦)

**બાયફોકલ પ્રયુક્તિનો વિનિયોગ**

- 'વધુ ને વધુ સુંદર' (વધુ ને વધુ સુંદર, ૧૯૬૭)

પુષ્પા પુત્ર અને પુત્રવધૂના સ્વતંત્ર જીવનને જુએ છે. તેની સાથે પોતાનાં જીવનની સરખામણી કરતી જોવા મળે છે. અહીં પુષ્પાનું પતિ અનીલ સાથેનું દાંપત્યજીવન અને વર્તમાનમાં દીપ

અને વાસવીનું દાંપત્યજીવનનું વારાફરતી આલેખન કરેલું જોવા મળે છે. બાયફોકલની ટૅકનિક દ્વારા પુષ્પાના ભૂતકાળ અને વર્તમાનને વારાફરતી વાચક સમક્ષ રજૂ કર્યો છે. જેમાં પુત્ર અને પુત્રવધૂનું દાંપત્યજીવન જોઈને તેને ભૂતકાળ યાદ આવે છે. જેમાં તેનો સંઘર્ષ જોવા મળે છે.

ભાષાશૈલી

પુષ્પાના સંઘર્ષ અને નિરાકરણને દર્શાવવા વાર્તાકારે કલાત્મક ભાષાનો વિનિયોગ પણ કરેલો જોવા મળે છે. આ વિધાનો જુઓ.

- દરેક પેઢીએ જીવન વધુ ને વધુ સુંદર બનતું જવું જોઈએ... પૂર્ણ થાઓ. (પૃ. ૧૮૪)

## સ્વપ્ન પ્રયુક્તિનો વિનિયોગ દર્શાવતી વાર્તાઓ

- 'પ્રિયતમનાં લગ્ન' (પ્રેમનાં આંસુ, ૧૯૫૪)

પ્રિયતમના આવવાની રાહ જોતી નાયિકા વિચારોમાં જ નિંદ્રાધીન બને છે. આ સ્થિતિમાં વાર્તાકારે તેને સ્વપ્નમાં લઈ જઈને સંઘર્ષમય બનાવવાની કલાનો કસબ અજમાવ્યો છે. ભાવકને ખ્યાલ ન આવે તે રીતે સંઘર્ષનું નિરૂપણ કરવા માટે સહજતાથી આ પ્રયુક્તિનો વિનિયોગ કરી લીધો છે.

ચેતનાપ્રવાહ

નાયિકા એના મનમાં ઉદ્દભવતા પ્રશ્નો જણાવતાં કહે છે કે: "અને કદાચ બધા મને પૂછશે કે – "તું ફરવા કેમ નથી ગઈ?.... તારી આંખો જરા ભીની કેમ લાગે છે?" (પૃ. ૧૩૦)

હવે લોકોને શું જવાબ આપશે? તે બાબતે નાયિકા ચિંતિત છે. આવા વિચારોમાં તે હતાશા અનુભવે છે. અહીં ચેતનાપ્રવાહની પ્રયુક્તિ અજમાવીને નાયિકાની સંઘર્ષમય સ્થિતિનું આલેખન કરેલું જોવા મળે છે.

ભાષાશૈલી

"આજે સાંજે મારા લગ્ન છે, તું જરૂર આવજે..." આ વાક્ય જ રહી રહીને નાયિકાના માનસપટ પર અથડાયા કરે છે. જેને કારણે તેનો હતાશાની ભાવના સાથેનો સંઘર્ષ જોવા મળે છે. અહીં આ વાક્યનું પુનરાવર્તન પણ નાયિકાને સંઘર્ષની સ્થિતિમાં લઈ જવા માટે સફળ પૂરવાર થયું છે.

જૂથ સમાપન

આ જૂથની તમામ વાર્તાઓનાં અવલોકન બાદ જણાય છે કે સંઘર્ષ નિરૂપણ માટે અહીં કથન પ્રયુક્તિનો વિનિયોગ વધુ થયો છે. નવ વાર્તાઓમાં કથન પ્રયુક્તિને હાથવગી રાખી સંઘર્ષનું નિરૂપણ થયું છે. અહીં ક્યારેક પાત્રો પોતાની સંઘર્ષમય સ્થિતિનું સ્વમુખે જ વર્ણન કરતાં તો ક્યારેક ત્રીજા પુરુષ દ્વારા એમનો સંઘર્ષ છતો થાય છે. 'અંધકાર' વાર્તાની સુચરિતા, 'સૂરજ ઊગશે'ની હતાશ નાયિકા, 'પથ્થરનું સંગીત' વાર્તાની બાળનાયકની માતા, 'વિદાય' વાર્તાની ગોપિકા આ બધાં જ પાત્રોનાં આત્મકથનમાં એમની વ્યથા સહજતાથી ઉઘડી આવે છે.

'તારાછાયી રાત', 'માધવ અને કુસુમી', 'ડહેલિયાનું ફૂલ', 'માર્ગ ક્યાં છે?' અને 'મનુષ્ય થવું' વાર્તાઓનાં પાત્રોનો સંઘર્ષ ત્રીજા વ્યક્તિ દ્વારા જાણવા મળે છે. 'એક પત્ર', 'ઉષ્મા', 'નવું ચિત્ર', 'સંબંધ' અને 'છબી' આ પાંચ વાર્તાઓમાં મહત્તમ ચેતનાપ્રવાહ પ્રયુક્તિનો વિનિયોગ છે. આ વાર્તાઓનાં સ્ત્રીપાત્રોનાં આંતરમનમાં વિચારો ઉદ્દીપ્ત થાય છે. જેના વડે એમની સંઘર્ષમય સ્થિતિ વધુ તીવ્ર બનતી જોવા મળે છે. આ કારણે અહીં આંતરચેતનાપ્રવાહ પ્રયુક્તિ વધુ ઉપયોગી સાબિત થઈ છે.

'બળતો બપોર', 'શોધ', 'હરિ આવન કી આવાજ' અને 'સ્નેહધન' આ ચાર વાર્તાઓમાં વાર્તાકારે સંવાદને ખપમાં લીધેલો જોવા મળે છે. આ વાર્તાઓના પાત્રોનાં સંવાદમાં એમની સંઘર્ષમય સ્થિતિ જોવા મળે છે. અહીં 'મુક્તિ' વાર્તામાં પુત્રને પોતાનાથી દૂર જતો જોઈને નાયિકા મનોમન હતાશ થાય છે. એના મનમાં ઊઠતી મનોગત ઉક્તિઓ દ્વારા એની સંઘર્ષમય સ્થિતિ ઉજાગર થાય છે.

'પ્રથમ રાત્રિએ' વાર્તાની મંજુમાં સાસરીનું નવું વાતાવરણ એકલતા જન્માવે છે. પીઠઝબકાર પ્રયુક્તિના યથાસ્થાને વિનિયોગ દ્વારા એને પિયરની યાદ તાજી થાય છે. તે હતાશ થઈ

સંઘર્ષ અનુભવતી જોવા મળે છે. 'વધુ ને વધુ સુંદર' વાર્તામાં પુષ્પા વારાફરતી વર્તમાન અને ભૂતકાળ જુએ છે. અહીં બાયફોકલ પ્રયુક્તિના વિનિયોગ દ્વારા એના હતાશાના સંઘર્ષ વધુ પોષાતો જોવા મળે છે. 'પ્રિયતમના લગ્ન' વાર્તાની નાયિકા સ્વપ્ન જુએ છે. તે જાણે છે કે એનો પ્રિયતમ આજે સાંજે અન્ય સાથે લગ્ન કરવાનો છે.

અહીં સ્વપ્ન પ્રયુક્તિનો વિનિયોગ છે. જેના દ્વારા નાયિકાની સ્વપ્નમાં જ સંઘર્ષમય અવસ્થા જોવા મળે છે. આમ, આ જૂથનાં પાત્રોનાં ભાવનાત્મક સંઘર્ષ માટે ઉપર દર્શાવેલ વિવિધ પ્રયુક્તિઓનો સફળ ઉપયોગ કરેલો અહીં જોવા મળે છે. પીઠઝબકાર, સંવાદ, વર્ણન, ભાષાશૈલી જેવી અન્ય સહાયક પ્રયુક્તિઓ વડે સંઘર્ષને વધુ ઘેરો બનાવેલો જોવાય છે.

## જૂથ ૨ - ઇચ્છા

આ જૂથમાં સ્ત્રીપાત્રોનો ઇચ્છાની ભાવના સાથેનો સંઘર્ષ સૌથી વધુ છે. કુલ સત્તર વાર્તાઓનો સમાવેશ અહીં થયેલ છે. આ કારણે આ જૂથ અહીં દ્વિતીય ક્રમે આવે છે. ઇચ્છાભાવનો સંઘર્ષ દર્શાવવા ખપમાં લીધેલ પ્રયુક્તિઓ વિશેની થોડી સ્પષ્ટતા અહીં કરવામાં આવી છે. જે નીચે મુજબ છે.

**ચેતનાપ્રવાહ પ્રયુક્તિનો વિનિયોગ**

- 'અતૃપ્તિ' (પ્રેમનાં આંસુ, ૧૯૫૪)

નંદુને મેળવવા ઇચ્છતી મનોરમા મનોમન વિચારે છે કે: "પણ એમ બનશે ખરું?... મનોરમાના સ્નેહના જોરે શું પ્રવેશ મેળવી શકશે?(પૃ. ૫૩)

મનોરમાના આવા વિચારો વડે એનો સંઘર્ષ પોષાય છે. અહીં વાર્તાકારે આંતરચેતનાપ્રવાહ પ્રયુક્તિ દ્વારા એના સંઘર્ષને વર્ણવ્યો છે.

ભાષાશૈલી

રસોડાની બારી દ્વારા મનોરમા અને નંદુની મુલાકાત થાય છે. એ જ બારી હવે બંધ થવાથી તે બંને વચ્ચે દીવાલ બનીને ઊભી રહે છે. અહીં બંધ બારીને દીવાલ સાથે સરખાવીને વાર્તાકારે સંકેતાત્મક ભાષાનો વિનિયોગ કર્યો છે. મનોરમાની સંઘર્ષમય સ્થિતિનું આલેખન કરવા આવા ચોટદાર સંકેતાત્મક વિધાનો અને અલંકારનો પણ અહીં ઉપયોગ થયો છે. જે નીચેનાં વિધાનોમાં જોઈ શકાય છે.

- વિંધાયેલી માછલીની પેઠે મનોરમાનું હૈયું બારી પર પછડાટ ખાવા લાગ્યું. (પૃ. ૫૬)
- હવે એ બારી ક્યાં હતી? એ તો હતી કાળમીંઢ દીવાલ! (પૃ. ૫૭)
- મનોરમાના વસ્ત્રોને આલિંગવા જ્વાળાઓ ઉત્સુક બની ગઈ. (પૃ. ૫૭)
- ‘દાદાજી! ઓ દાદાજી!’ (પ્રેમનાં આંસુ, ૧૯૫૪)

કલ્યાણીનાં મનમાં વિવિધ વિચારશૃંખલાઓ જન્માવીને વાર્તાકારે કલ્યાણીનો સંઘર્ષ દૃશ્યમાન કર્યો છે. જેમ કે: “દાદાજી શું કરતા હશે?” એના મનમાં પ્રશ્ન ઊઠ્યો... “રાત્રે એમને પાણી કોણ આપશે?” એનું દિલ બોલ્યું.” (પૃ. ૮૮)

અહીં ભાવનાત્મક સંઘર્ષના નિરૂપણ માટે આંતરચેતનાપ્રવાહની પ્રયુક્તિનો વિનિયોગ કરાયો છે.

મનોગત ઉક્તિઓ

જયારે જીદુનાથ એકલો પડે છે ત્યારે કલ્યાણીના લગ્ન સંદર્ભે મનોમન વિચારે છે કે: “ના, શા માટે કલ્યાણીના લગ્ન કરવાં?... કેવળ શેષ રહે છે... કલ્યાણીના લગ્ન થશે જ.” (પૃ. ૮૪)

અહીં જીદુનાથના સંઘર્ષ નિરૂપણ માટે મનોગત ઉક્તિઓનો સહારો લેવાયો છે.

ભાષાશૈલી

આ વાર્તામાં રેલ્વેસ્ટેશન પર ફળ વેચતા ડોસાનું પાત્રનિરૂપણ છે. જેને જોઈને કલ્યાણીને દાદાજીની યાદ આવે છે. કઈરીતે? જુઓ: "સામે થોડા રેંકડીવાળા ઊભા હતા. એમાં એક બુઢ્ઢો હતો. દેહ પરની ચામડી જાણે સંકોચાઈ ગઈ હતી... દાદાજીને અત્યારે શું ઊંઘ આવી હશે?" (પૃ. ૮૮)

અહીં કલ્યાણીનાં મનમાં દાદાજીની યાદ તાજી કરીને તેના સંઘર્ષને ચરમસીમાએ પહોંચાડ્યો છે. વાર્તાકાર આવી ચમત્કૃતિ સાધવામાં માહિર છે તે તેમની વાર્તાઓમાં જોઈ શકાય છે. વાર્તાકારે અહીં કલાત્મક વાક્યરચનાઓ વાપરીને જીદુનાથની અને કલ્યાણીની મન:સ્થિતિને ઉજાગર કરી આપી છે. આ વિધાનોમાં એ જોવા મળે છે:

- "દક્ષિણ દિશાએથી ફરફરાટ ફરતો.... કેવળ સૂનો ઉદાસ અંધકાર." (પૃ. ૮૭)
- "કલ્યાણીની આંખે આંસુનાં તોરણ બંધાઈ... આંખ છલકાઈ જાય છે." (પૃ. ૮૭)

- 'ચાર પત્રો' (વધુ ને વધુ સુંદર, ૧૯૬૭)

સમગ્ર કથામાં મુક્તિની ઝંખના કરતી અદિતિ છે. તે આનંદ અને અનિરુદ્ધના વિચારોમાં અટવાય છે. આ મથામણ ને કારણે ઉદ્દભવતા વિચારો એના સંઘર્ષ ને પોષે છે. તે વિચારે છે કે: "તમારો સાદ મને સંભળાવાનો હતો, તો એ ઘડીએ જ કેમ સંભળાયો?.... તમે શી રીતે બહાર ખેંચી આણી?" (પૃ. ૧૭૦)

અહીં ચેતનાપ્રવાહની પ્રયુક્તિનો મહત્તમ ઉપયોગ કરીને અદિતિના સંઘર્ષ ને વધુ ઘેરો બનાવાયો છે.

પત્ર પ્રયુક્તિ

બાળપણના સાથી એવા અનિરુદ્ધને મેળવવાની ચાહ અદિતિને વર્ષોથી છે. એ ઘડી હવે લગ્નમાં પરિણમવાની છે એ સમયે જ આનંદનો પત્ર મળ્યો છે. પત્ર મળતાં જ હવે અદિતિની મુક્તિની ઝંખના જાગૃત થાય છે. આ સ્થિતિમાં એનો સંઘર્ષ પોષાય છે. આનંદનો પત્ર અહીં અદિતિના સંઘર્ષ માટે ઉદ્દીપક બને છે. સંઘર્ષ નિરૂપણ માટે અહીં પત્ર પ્રયુક્તિનો વિનિયોગ કરેલો જોવા મળે છે.

ભાષાશૈલી

બાળપણથી જેને મેળવવાની ચાહ હતી તે અનિરુદ્ધને અદિતિ છોડી શકતી નથી. આ સ્થિતિ એના સંઘર્ષને વધુ ઉત્તેજિત કરે છે. જે દર્શાવવા માટે અહીં કલાત્મક વિધાનોને ટાંકવામાં આવ્યા છે. જે એના સંઘર્ષના પોષક બન્યાં છે.

- સ્ત્રીને એના સ્ત્રી હોવાનું બંધન.... જ એનું સૌથી સૂક્ષ્મ અને સૌથી જટિલ બંધન છે. (પૃ. ૧૭૪)

- 'અવકાશ' (જવા દઈશું તમને, ૧૯૮૩)

અપૂર્વની વિચારધારા સાથે અસહમત પૂર્વી સ્વની ઓળખ માટે મથે છે. એના માનસપટ પર જાગૃત થતાં વિચારોમાં એ મથામણ જોવાય છે. પૂર્વીની વ્યથા દર્શાવતાં વાર્તાકાર લખે છે કે: "અને તે દિવસે તે રાતે તે એકલી પડી ત્યારે... મારા જીવનની સાર્થકતા મને કયા કામમાંથી મળવાની છે?" (પૃ. ૧૩)

અહીં વાર્તાકારે ચેતનાપ્રવાહની પ્રયુક્તિનો ભરપૂર ઉપયોગ કર્યો છે. જેના દ્વારા પૂર્વીના મનોમંથનને ઉજાગર કરી આપ્યો છે. આ કારણે એનો સંઘર્ષ વધુ ઘેરો બન્યો છે.

ભાષાશૈલી

વાર્તાકારે પૂર્વીને સંઘર્ષના નિરાકરણ તરફ લઈ જવા કલાત્મક ભાષાવિધાનોનો વિનિયોગ કર્યો છે. જે અહીં જોવા મળે છે.

- મગજની એક ખૂલેલી બારીમાંથી એક પછી એક વિચારો આવવા લાગ્યા અને પ્રકાશ બનીને તેને ભોંકાવા લાગ્યા. (પૃ. ૧૪)

- 'અનુભૂતિનો એક ખંડ' (જવા દઈશું તમને, ૧૯૮૩)

પાણી ન મળવાથી નાયિકાનાં મનમાં નકારાત્મક વિચારો જન્મે છે. જેનાં કારણે એ સંઘર્ષ અનુભવે છે. જે આ વિધાનોમાં જોવા મળે છે: "પણ પોતાનું શું થશે?.... જળકાંઠાને શોધતા વીખરાઈ જશે." (પૃ. ૨૭)

અહીં વાર્તાકારે ચેતનાપ્રવાહની પ્રયુક્તિ ખપમાં લીધી છે. જેના દ્વારા નાયિકાનાં વિચારોને ઉદ્દીપ્ત કરેલાં જોવા મળે છે. જે એના સંઘર્ષને વધુ તીવ્ર બનાવી મૂકે છે.

પીઠઝબકાર પ્રયુક્તિ

બીમારીની અસહાય સ્થિતિમાં નાયિકાને ને કોઈ સ્વજન પાણી આપતું નથી. આ સ્થિતિમાં તેને ભૂતકાળ યાદ આવે છે. પોતે સ્વજનો માટે આખું જીવન સમર્પિત કર્યું હતું તે યાદ કરે છે. ભૂતકાળની યાદો એનાં વર્તમાન સંઘર્ષને વધુ ગાઢ બનાવે છે. નાયિકાના મનમાં સ્વજનો પ્રત્યે સંઘર્ષ ઉત્પન્ન કરવા પીઠઝબકાર પ્રયુક્તિનો વિનિયોગ થયો છે.

મનોગત ઉક્તિઓ

પાણી વિના તરફડતી નાયિકા સંઘર્ષ અનુભવે છે. અહીં નાયિકાને મનોમન સ્વગત બોલતાં દર્શાવી છે. જે આ વિધાનોમાં જોવા મળે છે: "ઓ ભગવાન! ઓ ભગવાન! આટલી નિર્દયતા!... એક ક્ષણ પણ જીવી શકું તેમ નથી." (પૃ. ૨૭)

અહીં નાયિકા દ્વારા મનોમન બોલાતી ઉક્તિઓનો સહારો લઈને એનાં સંઘર્ષને વર્ણવાયો છે.

ભાષાશૈલી

બીમાર નાયિકાનો મનોસંઘર્ષ દર્શાવવા વાર્તાકારે અહીં કલાત્મક વિધાનોનો વિનિયોગ કર્યો છે. જે નીચે મુજબ છે.

- આંખોનાં સ્વપ્ન બધાં બહાર નીકળી કુંડાળું... પરીઓ બની ગયાં હતા. (પૃ. ૨૬)
- તેનો 'હું' ઊંચા પહાડ પરથી હુંકાર... કાલે સાવ લુપ્ત થઈ ગયો. (પૃ. ૨૫)

- 'હું પુકારું તો, સાંભળશે કોણ?' (જવા દઈશું તમને, ૧૯૮૩)

પોતે જંગલમાં ભૂલી પડી છે એ વાતનો ખ્યાલ આવતાં મીના ભયભીત બને છે. તેનાં મનમાં કાલ્પનિક વિચારો ઉદ્દભવે છે. તે વિચારે છે કે: "પેલા લોકોએ ઉપર જતાં પોતાના માર્ગની નિશાની... ત્યાં શોધ કરતાં ઊભા હોય." (પૃ. ૨૦૨)

અહીં મીનાનાં માનસપટ પર આવાં વિચારો જાગ્રત કરીને ચેતનાપ્રવાહ પ્રયુક્તિ દ્વારા એના ભયને પોષવામાં આવ્યો છે.

કથનપ્રયુક્તિ

જંગલમાં મિત્રોથી વિખૂટી પડેલી મીનાનો સંઘર્ષ વાર્તાકારનાં કથન દ્વારા પણ વર્ણવાયો છે. જે આ વિધાનોમાં જોવા મળે છે: "તેણે સીનાનો હાથ મજબૂતીથી પકડ્યો ને જ્યાંથી આવ્યાં હતાં ત્યાં પાછું ચાલવા માંડ્યું... ભય શું છે?... પેલાં લોકો ત્યાં કદાચ ઊભા હોય." (પૃ. ૨૦૨)
આમ, અહીં મીનાના સંઘર્ષને વર્ણવવા ત્રીજા પુરુષ એકવચન કથનપ્રયુક્તિનો પણ સહારો લીધો છે.

ભાષાશૈલી

વાર્તાકારે અહીં પ્રકૃતિથી છવાયેલા ઘનઘોર જંગલનું આબેહૂબ આલેખન કરીને મીનાને ભયભીત કરી મૂકવાનો પ્રયાસ કર્યો છે. વાર્તાની શરૂઆતમાં જે જંગલનું વાતાવરણ અને રમણીયતા તેને એક અદ્દભૂત નીરવતા અને એકાંતનો અનુભવ કરાવે છે તે જ જંગલ વાર્તાના મધ્યભાગમાં તેના માટે બિહામણું બની જાય છે. ઘનઘોર જંગલનું વર્ણન આ મુજબ છે: "એ મોટા દૂર સુધી ફેલાયેલા વિસ્તારમાં તેમના સિવાય બીજું કોઈ દેખાતું ન હતું... ઘાસના બિછાના પર પોઢી ગઈ હતી." (પૃ. ૨૦૦)
મીનાને જયારે અહેસાસ થાય છે કે જંગલમાંથી બહાર નીકળવાના બદલે ભૂલા પડ્યા છે ત્યારે ભયના કારણે તે ધ્રૂજી ઊઠે છે. આમ, વાર્તાકારે કરેલું જંગલનું વર્ણન હવે તેના સંઘર્ષનું કારણ બને છે.

મીનાના સંઘર્ષને વર્ણવવા અહીં કલાત્મક ભાષાનો વિનિયોગ પણ જોવા મળે છે.

- સમયનું ત્રીજું નેત્ર ખૂલ્યું અને કાળની પાર રહેલી... કાંગરા કકડભૂસ થઈ ગયા. (પૃ. ૨૦૧)

- 'દરિયાની સાક્ષીએ' (મનુષ્ય થવું, ૧૯૯૦)

નીરવ અને માતા બંનેને ઝંખતી બેલાને સમાજે બનાવેલાં નિયમો અને બંધનો પ્રત્યે ક્રોધ ભભૂકી ઊઠે છે. તે મનોમન કહે છે છે કે: “તો છોકરીને શા માટે છોડી જવાનું કહેવામાં આવે છે?.... પુરાણો પર જીવતા આ દેશમાં લખી શકાય પણ નહિ.” (પૃ. ૧૬)

વાર્તાકારે બેલાના સંઘર્ષને ઘેરો બનાવવા અહીં ચેતનાપ્રવાહની ટૅકનિકનો ઉપયોગ કરેલો જોવા મળે છે.

મનોગત ઉક્તિ

બેલા પોતાના મનની વ્યથા નીરવને કહી શકતી નથી. તે મનોમન વિચારે છે કે: “અમારાં હૃદય મળેલાં છે, પણ અમારાં સપનાં જુદા છે.” (પૃ. ૧૫)

બેલાની વ્યથાને મનોગત ઉક્તિમાં ટાંકીને તેની મન:સ્થિતિનું નિરૂપણ કરવામાં આવ્યું છે. ચેતનાપ્રવાહ અને મનોગત ઉક્તિ વડે બેલાનો ભાવનાત્મક સંઘર્ષ પોષાતો જોવા મળે છે.

પીઠઝબકાર પ્રયુક્તિ

પિતા દ્વારા માતાને તરછોડાઈ હતી તે ઘટના બેલાને યાદ આવે છે. એ દ્વારા તે માતાના સંઘર્ષમય જીવનને અનુભવે છે. બેલાના સંઘર્ષમાં વધારો કરવા વાર્તાકાર તેને પીઠઝબકારની પ્રયુક્તિ દ્વારા ભૂતકાળમાં લઈ ગયા છે. માતાએ પોતાના માટે કરેલો સંઘર્ષ યાદ કરીને તેની હતાશા વધુ ઘેરી બને છે.

ભાષાશૈલી

આ ઉપરાંત વાર્તાકારે અહીં કલાત્મક વિધાનો વડે બેલાના સંઘર્ષને ઉજાગર કરી આપ્યો છે. નીચેનાં વિધાનોમાં તે જોવા મળે છે.

- ઘૂઘવતું એક પૂર આવ્યું અને પછી આવ્યો ઉજ્જડ રેતીના પથારાનો ખ્યાલ. (પૃ. ૧૩)
- દીકરીની મા પ્રત્યેની નિષ્ઠાનો કોઈને મન.... દેશમાં લખી શકાય પણ નહિ. (પૃ. ૧૬)

- ‘ઢોળાયેલી સુગંધ’ (મનુષ્ય થવું, ૧૯૯૦)

જયારે એન.આર.આઈ દંપતિ પલ્લીને લેવા માટે આવે છે ત્યારે નાયિકાનું માતૃહૃદય વેદનાથી ભરાઈ જાય છે. ફૂલ જેવી દીકરીને પારકાના હાથમાં સોંપતાં જ તે કંપી ઊઠે છે. તે પોતાની વ્યથા કોઈને જણાવી શકતી નથી. દીકરીની આ સ્થિતિ માટે તે પોતાને જ દોષી ગણે છે. તેની વ્યથા આ વિધાનોમાં જોવા મળે છે: "ઓ નિષ્પાપ નિ:સહાય કન્યા! તારા મેં આ શા હાલ કર્યા છે? મારી આંખમાં તારાં આંસુ હું શી રીતે પરોવી શકીશ?" (પૃ. ૪૧)

અહીં ચેતનાપ્રવાહ પ્રયુક્તિના વિનિયોગ દ્વારા નાયિકાની સંઘર્ષમય સ્થિતિનું આલેખન જોવા મળે છે.

ભાષાશૈલી

વાર્તાકારે અહીં કલાત્મક ભાષા દ્વારા પણ નાયિકાની વેદના વ્યક્ત કરી છે. જે દર્શાવતાં નીચેનાં વિધાનો જુઓ:

- "આખો દિવસ, ભૂતકાળ એનાં પાંદડાંની... ભીંગડાં ઉખાડતો રહ્યો." (પૃ. ૩૮)
- "એક એક ઘડી... એક હાથે ઘાવ કરતી હતી ને બીજે હાથે લેપ લગાડતી હતી." (પૃ. ૪૨)

- 'વંચિત કરીને' (પ્રેમનાં આંસુ, ૧૯૫૪)

અમરને મળવા આતુર બનેલી પાર્વતીને તેનો ભૂતકાળ યાદ આવે છે. એની સાથે સાથે હૃદયનાં કોઈક ખૂણે સંગ્રહી રાખેલી તેની યાદ તાજી થઈ જાય છે. તે મનોમન વિચારી ઊઠે છે કે: "એ આંખો હજુ સ્વપ્નદ્રષ્ટાની આંખો જેવી હશે... નાની નાની ઘટનાઓ પણ શું મહાનતાથી રસેલી હશે?" (પૃ. ૧૬૭)

અહીં ચેતનાપ્રવાહ પ્રયુક્તિનો વિનિયોગ પાર્વતીના ભાવસંઘર્ષને ઉદ્દીપ્ત કરે છે.

પીઠઝબકાર પ્રયુક્તિ

પાર્વતીના ભાવનાત્મક સંઘર્ષને ઉદ્દીપ્ત કરવા માટે વાર્તાકાર એને શાળાઅભ્યાસના સમયમાં લઈ ગયા છે. પાર્વતીએ જેને જીવનસાથી તરીકે ઝંખ્યો હતો તે અમરની યાદને આ રીતે વધુ ઘેરી બનાવી છે. આ વિધાનો દ્વારા એનો ભૂતકાળ સજીવન થાય છે: "પાર્વતીની નજર સામે ગામની નિશાળ તરવરી રહી. નિશાળ સાથે જ એક ચહેરો… કંપાવી રહી હતી." (પૃ. ૧૬૨ )

પાર્વતીના મનોસંઘર્ષને વધુ અસરકારક બનાવવા માટે પીઠઝબકાર પ્રયુક્તિનો ઉપયોગ જોવા મળે છે.

ભાષાશૈલી

પાર્વતીના સંઘર્ષને ઉજાગર કરતાં કલાત્મક વિધાનો પણ આપણને અહીં જોવા મળે છે. જે નીચે મુજબ છે.

- સ્મરણોનો રસ્તો વાંકોચૂકો થઈને અનુરાગના વેલાઓમાં અટવાઈ ગયો. (પૃ. ૧૬૫)
- બાવીસ વર્ષ પહેલાં, કિશોર ચિત્તની… લહેરાતી લતા બની ગયું હતું. (પૃ. ૧૬૩)

- 'મારે એક મિત્ર છે' (જવા દઈશું તમને, ૧૯૮૩)

સ્ત્રીની વાતો પરથી નાયિકાને અનુભવ થાય છે કે કદાચ તે પોતાના પ્રેમી અરુણની જ પત્ની હતી. આ સ્થિતિમાં એના મનમાં વિચારો જાગ્રત થાય છે. જે આ મુજબ છે: "અરુણની જો આ પત્ની હોય… કેમ એની સાથે બનતું નહિ હોય?" (પૃ. ૧૭૮)

મનમાં ઉદ્દભવતા આવા વિચારો સાથે નાયિકા સંઘર્ષ અનુભવે છે. અહીં ચેતનાપ્રવાહનો વિનિયોગ છે.

કથનપ્રયુક્તિ

સ્વકથન કરતી નાયિકા દ્વારા પણ એનો સંઘર્ષ જોવા મળે છે. જે આ વિધાનોમાં જોવા મળે છે: "હું સાંગોપાંગ કંપી રહી… સ્ટૂલ પર બેસી જઈ મેં સ્વસ્થ થવાનો પ્રયત્ન કર્યો." (પૃ. ૧૭૮)

નાયિકાના મુખે જ એના સંઘર્ષને અહીં રજૂ કરાયો છે.

**પીઠઝબકાર પ્રયુક્તિનો વિનિયોગ**

- ‘તો?’ (કાગળની હોડી, ૧૯૭૮)

રાહત છાવણીમાં બેઠેલી સુજાતા પોતાનો ભૂતકાળ યાદ કરે છે. જે આ વિધાનો દ્વારા ફલિત થાય છે: “તેને થયું, પોતે ગાંડી થઈ જશે. અરે, પોતાનું ઘર ક્યાં? પોતાના સ્વજનો ક્યાં?... એક સંપન્ન પિતાની પુત્રી, એક પ્રતિષ્ઠિત શ્રીમંત માણસની પત્ની...” (પૃ. ૧૯૯)

અહીં વાર્તાકારનું સુજાતાના ભાવનાત્મક સંઘર્ષને દર્શાવવાનું પ્રયોજન છે. તે માટે પીઠઝબકાર પ્રયુક્તિ દ્વારા તેને ભૂતકાળમાં લઈ ગયાં છે. સમૃદ્ધ ભૂતકાળને યાદ કરતી સુજાતા વર્તમાનમાં સંઘર્ષ અનુભવે છે.

કથનપ્રયુક્તિ

વાર્તાકારના કથન દ્વારા પણ અહીં સુજાતાની સંઘર્ષમય સ્થિતિ ફલિત થાય છે. આ વિધાનો જુઓ: “ફરી ફરી ફરી – એક હાહાકાર મનમાં ઊઠ્યા કરતો હતો. શું હતું ને શું થઈ ગયું?... છેલ્લામાં છેલ્લો તાર પણ જેના પરથી ઊતરડી લેવામાં આવ્યો હતો એવું જીવન!” (પૃ. ૧૯૭)

ચેતનાપ્રવાહ

સુજાતા વિચારે છે કે: “પોતે સદાય જેની ઝંખના કરી હતી તેવી, કુમળી કુમળી, ભોળી આંખોવાળી છોકરી હશે તો?” (પૃ. ૨૧૧)

આવા વિચારોમાં એનો સંઘર્ષ વધુ ઘેરો બનતો જાય છે.

ભાષાશૈલી

બાંગ્લાદેશમાં ચાલેલી પાશવલીલાના સમયમાં સુજાતા પરિવારથી વિખૂટી પડી છે. તેનું જીવન સંઘર્ષમય બન્યું છે. જેનો ચિતાર એના વર્ણન પરથી મળી જાય છે. જુઓ: “ફિક્કું મોં, ઉદાસ, હંમેશા પાણીથી ભરેલી આંખો... આંખો ક્યાં મંડાઈ હતી તેની તેને પણ ખબર નહોતી.” (પૃ. ૧૯૭)

અહીં વાર્તાની શરૂઆતમાં જ કરેલું સુજાતાનું વર્ણન તેની સંઘર્ષમય સ્થિતિનો ચિતાર રજૂ કરે છે.

અહીં સુજાતાનો સંઘર્ષ દર્શાવવા માટે નીચેનાં જેવાં કલાત્મક ભાષાવિધાનોનો ઉપયોગ પણ કરેલો જોવા મળે છે.

- હવે જે સામે હતું તે તો જીવનનું હાડપિંજર હતું... લેવામાં આવ્યો હતો એવું જીવન! (પૃ.૧૯૭)
- માત્ર તે જ જાણતી હતી કે ક્યાં ઘા વાગતો હતો... ક્યાં દુઃખતું હતું! (પૃ. ૨૦૫)

- ‘સૂર’ (જવા દઈશું તમને, ૧૯૮૩)

વરસાદના વાતાવરણમાં નાયિકાને મૃત્યુ પામેલ દીપનની યાદ તાજી થાય છે. જેના કારણે તે પતિની નિકટતાનો અનુભવ કરે છે. અહીં પીઠઝબકાર પ્રયુક્તિનો વિનિયોગ કરેલો જોવા મળે છે. આ વિધાનો દ્વારા વાર્તાકારે સરળતાથી નાયિકાને ભૂતકાળમાં સેરવી દીધી છે: “કેટલા દિવસ થયા?... સિત્તેર દિવસ પહેલાં તેણે વિદાય લીધી.” (પૃ. ૧૧૦)

આ વિધાનો દ્વારા પતિ સાથેનો ભૂતકાળ તાજો થાય છે. જે નાયિકાના સંઘર્ષને ઉદ્દીપ્ત કરે છે.

ભાષાશૈલી

વાર્તાકારે વાર્તાની શરૂઆતમાં જ પ્રકૃતિવર્ણન મૂક્યું છે. જેની સાથે નાયિકાના જીવનની સરખામણી કરેલી જોવા મળે છે. આ વિધાનો દ્વારા એ ફલિત થાય છે: “આજુ બાજુની બધી વસ્તુઓની ઓળખ રોળાઈ ગઈ હતી... ઠંડા આવરણમાં લપેટાઈ ગયું હતું. પોતાનાં જીવનની જેમ જ.” (પૃ. ૧૧૦)

અહીં ભાષાકર્મનો વિનિયોગ કરી વરસાદના વર્ણન દ્વારા એનાં નીરસ જીવનનો ખ્યાલ આપ્યો છે. વરસાદમાં જેમ બધી વસ્તુઓની ઓળખ રોળાઈ ગઈ હતી તેમ જ નાયિકાનું જીવન પણ રોળાઈ ગયું હતું. વરસાદનું વર્ણન અહીં નાયિકાના જીવનનું સૂચક બની રહે છે. સાથે સાથે નીચેના જેવા કલાત્મક વિધાન દ્વારા પણ એની સંઘર્ષમય સ્થિતિને દર્શાવાઈ છે.

➢ કાળનાં કિરણોએ પૂરને સૂકવી નાખ્યાં. (પૃ. ૧૧૨)

- 'દિવાળીના દીવા' (જવા દઈશું તમને, ૧૯૮૩)

વૃદ્ધ નાયિકા ભૂતકાળ યાદ કરે છે. આ વિધાનો દ્વારા તે ભૂતકાળમાં સરી પડે છે: "એક સમય હતો જયારે... પોતે સહેજે થાકતી નહિ." (પૃ. ૧૪૪)

વૃદ્ધ નાયિકાને બાળકો સાથે વિતાવેલી પળો યાદ આવે છે. એ સાથે એ વર્તમાન જુએ છે. ઘરમાં વ્યાપેલો ખાલીપો એના સંઘર્ષને જાગૃત કરે છે. અહીં પીઠઝબકાર પ્રયુક્તિનો વિનિયોગ થયો છે. ભાષાશૈલી

દિવાળીના તહેવારમાં પહેલાં તો સૌ બાળકો નાયિકાના ઘરે તેને મળવા આવતાં. સંબંધો ઝાંખા પડતા જવાથી હવે છેલ્લા ત્રણ વર્ષથી તો કોઈ તેને મળવા આવ્યું નથી. છતાંય હજી પણ કોઈક મળવા આવશે તેવી આશાએ નાયિકા પોતાનું ઘર પહેલાંની જેમ જ સજાવે છે. તે વર્ણન દર્શાવતાં આ વિધાનો જુઓ: "ચંપાની ડાળથી અડધી ઢંકાઈ જતી બારીની પાળી પર તેણે હારબંધ કોડિયાં મૂક્યાં... પાણી એક મંજુલ ધ્વનિ રચી રહે... ઉદાસ વિચારોમાં ડૂબેલી તે દૂર સુધી ચાલતી રહી." (પૃ . ૧૪૯)
દિવાળીના તેજોમય વાતાવરણના વર્ણન દ્વારા વાર્તાકાર નાયિકાની મનઃસ્થિતિને અહીં પ્રતિબિંબિત કરે છે. દિવાળીનું આ વર્ણન નાયિકાના સંઘર્ષમાં વધારો કરી મૂકે છે.
'જવા દઈશું તમને...' (જવા દઈશું તમને, ૧૯૮૩)

માંદગીના બિછાને પડેલી નાયિકા પોતાનો સમૃદ્ધ ભૂતકાળ યાદ કરે છે. પોતે જીવનને જે રીતે માણ્યું હતું એ બધું જ તેને યાદ આવે છે. જનરેશન ગેપનાં કારણે હવે પરિવારનાં સભ્યોનું વર્તન અને વિચારો બદલાયાં છે. પોતાના જેવું ઘરમાં કોઈ જ નથી એ વાતનો એને વસવસો છે. અહીં પીઠઝબકાર પ્રયુક્તિ દ્વારા વાર્તાકારે નાયિકાને એનો ભવ્ય ભૂતકાળ યાદ કરાવ્યો છે. પોતે જીવેલાં જીવન કરતાં વિપરીત, વર્તમાનમાં પરિવારજનોની જીવનશૈલી એને અકળાવે છે. જેના કારણે એ સંઘર્ષ અનુભવે છે.
મનોગત ઉક્તિ

પથારીવશ નાયિકા પરિવારજનોનો માત્ર દેખાવડો જોઈને મનોમન હતાશ થાય છે. જે આ વિધાનોમાં જોવા મળે છે: “પોતાની પણ જવાની ઘડી આવી છે. કોઈએ કહ્યું નથી – જવા નહીં દઉં. કદાચ ક્યારે જાય એની રાહ પણ જોતાં હોય !” (પૃ. ૨૨૮)

નાયિકાના મનોભાવને દર્શાવવા અહીં મનોગત ઉક્તિનો વિનિયોગ થયો છે.

ચેતનાપ્રવાહ પ્રયુક્તિ

વૃદ્ધ નાયિકા મૃત્યુની સમીપે આવી પહોંચી છે. પુત્રવધૂ મારિયા સાથેની વાતચીતમાં એને સમજાય છે કે તે એની ભાવનાઓને સમજી શકતી હતી. જીવનની છેલ્લી ક્ષણોમાં પોતાના જેવી જ વ્યક્તિ સાથે એનું મિલન થયું હતું. એક નવા સંબંધની આનંદિત પળોમાં તે વિચારે છે કે: “લોકો કહે છે – પતિ જીવંત હોય... તે જ સૌથી મોટું સૌભાગ્ય છે.” (પૃ. ૨૩૧)

નાયિકાનાં આ વિચારો દ્વારા એની હતાશાનું શમન થતું જોવા મળે છે.

## મનોગત ઉક્તિનો વિનિયોગ

- ‘સાથ’ (કાગળની હોડી, ૧૯૭૮)

દેરાણીની સગર્ભાવસ્થાની સ્થિતિમાં જેઠાણી તેને સાથ આપી શકતી નથી. તે પીડાથી વિહવળ બની જાય છે. એની આ અવસ્થા દર્શાવવા માટે અહીં મનોગત ઉક્તિઓ ટાંકવામાં આવી છે. જે આ મુજબ છે: “તમે આવો – મારી સાથે આવો ને! મને બહુ જ બીક લાગે છે. મને બહુ એકલું લાગે છે.” (પૃ. ૩૮)

ચેતનાપ્રવાહ પ્રયુક્તિ

સગર્ભાવસ્થામાં જેઠાણીનો સાથ ન મળતાં દેરાણી એકલતા અનુભવે છે. તેના મનમાં વિચારો ઉદ્દીપ્ત થાય છે. જે આ મુજબ છે: “તમે જાઓ બધા. બધા અંધારામાં ડૂબી મરો - મને એકલી છોડી દો... ખાઈના લપસણા પગથિયાં પરથી હું અંધકારના જળમાં ડૂબી જઈશ.” (પૃ . ૪૦)

ભાષાશૈલી

નીચેનાં કલાત્મક વિધાન દ્વારા દેરાણીની એકલતાની સ્થિતિને દર્શાવાઈ છે.

- એકાકીપણાનું તીક્ષ્ણ ભાન અંગેઅંગમાં ભોંકાઈ રહ્યું. (પૃ. ૩૯)

**કથન પ્રયુક્તિનો વિનિયોગ**

- ‘આજે સવારે’ (પ્રેમનાં આંસુ, ૧૯૫૪)

અહીં શાંતિલાના સંઘર્ષને વર્ણવવા નાયકના મુખે જ બધી વાત જણાવાઈ છે. તે શાંતિલાની મન:સ્થિતિ દર્શાવતાં કહે છે કે: “હાથમાંથી છરી એણે નીચે મૂકી દીધી અને મારી સામે આવીને ઊભી રહી... ઘર રાખો તમારી પાસે, હું ચાલી જઈશ..” (પૃ. ૯૬)

શાંતિલાનો ક્રોધ વ્યક્ત કરવા માટે અહીં કથનપ્રયુક્તિ વપરાઈ છે.

**સંવાદ પ્રયુક્તિનો વિનિયોગ**

- ‘ઓછાયો’ (જવા દઈશું તમને, ૧૯૮૩)

અહીં તુહીન સાથે થતા સંવાદ દ્વારા સતીનો તીવ્ર સંઘર્ષ જોવા મળે છે. જે આ મુજબ છે.

તુહિન બોલ્યો: ‘ખરેખર સતી, તો હું જાઉં જ છું હો, આવવું હોય તો હજી ચાલ મારી સાથે.’

સતી મૂંઝાઈ ગઈ... એણે કારમી હતાશાથી હાથમાંનું પાકીટ ભોંય પર ફેંક્યું.” (પૃ. ૧૭૧)

કથનપ્રયુક્તિ

આ સાથે વાર્તાકારના કથન દ્વારા પણ એની સંઘર્ષમય સ્થિતિનું આલેખન થયું છે. જેમ કે: “તુહિન પાસે પહોંચતાં જ સતી એકદમ છેલ્લા પગથિયા પર બેસી ગઈ... તેના કંઠમાંથી રુદન ભર્યો અવાજ નીકળ્યો: ‘મારે કંઈક કરવું તો જોઈએ જ. કંઈક તો કરવું જોઈએ.’” (પૃ. ૧૬૯)

ભાષાશૈલી

પોતે કૉલેજકાળમાં જેની સાથે નૃત્ય કરી ચૂકી છે તેવા નૃત્યકાર વિતાનને સતી જુએ છે. તેની માંદગીની અસહાય સ્થિતિને જોઈ તે કંપી જાય છે. વિતાનનું બદલાયેલું રૂપ જોઈને તેનું હૃદય

હચમચી ઊઠે છે. વિતાનનું વર્ણન નિરૂપતાં વાર્તાકાર લખે છે કે: "પુરુષ દેખીતી રીતે જ માંદો લાગતો હતો... ઉશ્કેરાટથી તે ધ્રૂજતો હતો. એને જોઈને સતીથી નાની સરખી ચીસ પાડી દેવાઈ." (પૃ. ૧૬૭)

આ વાર્તામાં વિતાનની અસહાય સ્થિતિ જ સતીના મનોસંઘર્ષનું કારણ બને છે. અહીં વિતાનનું વર્ણન સતીના ભાવજગતને આંદોલિત કરી મૂકવામાં સહાયરૂપ બને છે.

**જૂથ સમાપન**

આ જૂથની તમામ વાર્તાઓનું ઇચ્છાના સંઘર્ષ નિરૂપણના સંદર્ભે અવલોકન કર્યું છે. જે પરથી જણાય છે કે મહદંશે અહીં ચેતનાપ્રવાહ પ્રયુક્તિનો સવિશેષ વિનિયોગ થયો છે. જૂથની કુલ સત્તર વાર્તાઓમાંથી દસ વાર્તાઓમાં ચેતનાપ્રવાહ પ્રયુક્તિ જોવા મળે છે. જેમાં 'અતૃપ્તિ', 'દાદાજી! ઓ દાદાજી!', 'ચાર પત્રો', 'અવકાશ', 'અનુભૂતિનો એક ખંડ', 'હું પુકારું તો સાંભળશે કોણ?', 'દરિયાની સાક્ષીએ', 'ઢોળાયેલી સુગંધ', 'વંચિત કરીને', અને 'મારે એક મિત્ર છે' જેવી વાર્તાઓનો સમાવેશ થાય છે. આ વાર્તાઓના સ્ત્રીપાત્રોને કોઈકને કોઈક ઇચ્છા છે. જેના આવેગનાં કારણે તેમનાં માનસપટ પર વિચારોની મથામણ ચાલે છે. એક પછી એક ઉદ્દીપ્ત થતા વિચારો વડે તેમનો ઇચ્છાભાવ વધુ પોષાતો જાય છે. જે એમના સંઘર્ષને વધુ તીવ્ર બનાવી અંતમાં એક ચોક્કસ નિરાકરણ તરફ ગતિ કરે છે.

'તો?', 'સૂર', 'દિવાળીના દીવા', અને 'જવા દઈશું તમને' આ ચાર વાર્તાઓમાં વાર્તાકારે પીઠઝબકાર પ્રયુક્તિને અજમાવી છે. 'તો?' વાર્તાની સુજાતા ભૂતકાળમાં સહન કરેલાં પતિના આધિપત્યને સ્મરે છે. જેના કારણે અન્ય સહાયક ભાવનાઓ ઉદ્દીપ્ત થવાથી તેનો ભાવનાત્મક સંઘર્ષ વધુ પોષાતો જાય છે. 'સૂર' વાર્તાની નાયિકા વરસાદી વાતાવરણમાં પતિના પ્રેમને ઝંખે છે. મૃત પતિની યાદો જીવંત થતાં જ તેને પતિનો આભાસ અનુભવાય છે. 'દિવાળીના દીવા' અને 'જવા દઈશું તમને'ની વૃદ્ધ નાયિકાઓ પોતાના સુખદ ભૂતકાળને યાદ કરી વર્તમાનથી દુઃખી થતી દર્શાવી છે.

આમ, પીઠઝબકાર પ્રયુક્તિ વડે નાયિકાઓનો ભૂતકાળ સજીવન કરી તેમના સંઘર્ષને વધુ ઘેરો બનાવાયો છે. 'ઓછાયો' વાર્તામાં સંવાદ વડે, 'સાથ' વાર્તામાં મનોગત ઉક્તિ અને 'આજે સવારે' વાર્તામાં કથન પ્રયુક્તિનો વિનિયોગ થયો છે. જેના વડે આ વાર્તાઓની નાયિકાઓના સંઘર્ષને ઉજાગર

કરાયો છે. આ જૂથમાં વાર્તાઓમાં ભાવનાત્મક સંઘર્ષ માટે મનોગત ઉક્તિ, કથનપ્રયુક્તિ, ચેતનાપ્રવાહ, સંવાદ અને પીઠઝબકાર પ્રયુક્તિનો વિનિયોગ જોવા મળે છે. મુખ્ય પ્રયુક્તિઓ સિવાય સંવાદ, વર્ણન, પત્ર, ચેતનાપ્રવાહ, પીઠઝબકાર, મનોગત ઉક્તિઓ જેવી અન્ય સહાયક પ્રયુક્તિઓ સંઘર્ષને પોષવામાં મદદરૂપ બની છે. અહીં ભાષાશૈલીનો પણ ઉચિત ઉપયોગ કરેલો જોવા મળે છે. જેમાં આલંકારિક અને કલાત્મક વિધાનોનો સમાવેશ થાય છે. મુખ્ય અને સહાયક પ્રયુક્તિઓનો સમન્વય પાત્રોના સંઘર્ષને ઘેરો બનાવે છે.

## જૂથ ૩ - તિરસ્કાર

આ જૂથમાં તિરસ્કારની ભાવના સાથેનો સંઘર્ષ દર્શાવ્યો છે. આ વાર્તાઓનાં સ્ત્રીપાત્રો વિવિધ કારણોસર જે તે પરિસ્થિતિમાંથી બહાર નીકળતાં જોવા મળે છે. ચયન કરેલી વાર્તાઓમાંથી કુલ સાત વાર્તાઓનો સમાવેશ આ જૂથમાં થાય છે. જેમાં ‘કરોળિયાનું ઘર’, ‘તમારાં ચરણોમાં’, ‘સર્વનાશ’, ‘ન્યાય’, ‘આ ઉંમરે, એકલી?’, ‘રંગ તો છે ને!’ અને ‘પ્રતિશોધ’ જેવી વાર્તાઓનો સમાવેશ થયો છે. તિરસ્કારના ભાવનાત્મક સંઘર્ષને દર્શાવવા ખપમાં લીધેલ પ્રયુક્તિઓ વિશેની થોડી સ્પષ્ટતા અહીં કરવામાં આવી છે. જે નીચે મુજબ છે.

### ચેતનાપ્રવાહ પ્રયુક્તિનો વિનિયોગ

- ‘તમારા ચરણોમાં’ (પ્રેમનાં આંસુ, ૧૯૫૪)

વાર્તામાં શીલાનાં આંતરમનને વલોવતાં વિચારોને ઉદ્દીપ્ત કરેલા જોવા મળે છે. તેના દ્વારા એના દુઃખી મનનો ચિતાર અપાયો છે. તે પત્રમાં લખે છે કે: “મારા અસ્તિત્વ પર તમારી ઇચ્છાઓ અને માન્યતાઓ સવાર થઈને બેઠી છે... લગ્ન પછી સ્ત્રીનાં સ્વતંત્ર માનસને શું ક્યાંય અવકાશ નથી?” (પૃ. ૪૬)

અહીં વાર્તાકારે ચેતનાપ્રવાહની પ્રયુક્તિનો વિનિયોગ કરીને શીલાના ભાવનાત્મક સંઘર્ષ વ્યક્ત કર્યો છે.

પીઠઝબકાર પ્રયુક્તિ

શીલાને ભૂતકાળની ઘટનાઓ યાદ આવે છે. જેમાં એની ઇચ્છાઓનું પતિ દ્વારા દમન થયું હતું. એ ભૂતકાળ યાદ આવતાં એની હતાશા ઘેરી બને છે.

મનોગત ઉક્તિ

પોતાના પતિની ઇચ્છા મુજબ બહેન નીલાને પણ એના પ્રેમને કુરબાન કરવો પડે છે. એની ઇચ્છા વિરુદ્ધ અન્ય સાથે લગ્ન કરવા મજબૂર થવું પડે છે. આ સ્થિતિમાં શીલા એની બહેન માટે કશું જ કરી શકતી નથી. એનું હૃદય પીડાય છે. તે મનોમન બોલી ઊઠે છે કે: “આ બધું જ જૂઠું છે - મિથ્યા છે... એના હૈયાની, કિસનને સાદ પાડી પાડીને પોકારતી ઝંખના છે.” (પૃ. ૪૫)

શીલાની મન:સ્થિતિને ઉજાગર કરવા માટે આ મનોગત ઉક્તિઓનો વિનિયોગ જોવા મળે છે.

ભાષાશૈલી

વાર્તામાં શીલાની નાની બહેન નીલા ગરીબ કિસનને ચાહે છે. શીલાનો પતિ પોતાની સાળી માટે શ્રીમંત કુટુંબના પાત્ર સાથે તેનો વિવાહ સંબંધ નક્કી કરી આવે છે. નીલાને અનિચ્છાએ તેની સાથે પરણવું પડે છે. આ સ્થિતિમાં શીલાને કિસનની છબી યાદ આવે છે. તે લખે છે કે: “તમારા ચિત્રની સામે ઊભેલી કિસનની, રમતિયાળ, પ્રસન્ન મુદ્રા મારા મનને ચિત્કારના સૂરથી ભરી દેતી હતી. (પૃ. ૪૪)

અહીં કિસનનું વર્ણન શીલાનો મનોસંઘર્ષ વધારવામાં સહાયક નીવડ્યું છે.

નીલાની મન:સ્થિતિ દર્શાવવા માટે અહીં કલાત્મક વિધાનોનો પણ સહારો લેવામાં આવ્યો છે. જે એના સંઘર્ષને વ્યક્ત કરવામાં અહીં સહાયક બન્યા છે. નીચેનાં વિધાનો જુઓ.

- ➢ તમારા એ પ્રયાસોનો શો અર્થ હતો જયારે નીલાના જખમમાંથી લોહી ટપકતું હતું?.... ત્યારે તમારા અતુલની તેજસ્વિતાને, બુદ્ધિપ્રભાને એ શું કરે? (પૃ. ૪૫)
- ‘આ ઉંમરે, એકલી?’ (મનુષ્ય થવું, ૧૯૯૦)

ઉષાનાં પોતાનાં જ ઘરમાં પારકા જેવું વર્તન કરવામાં આવે છે. પરિવાર દ્વારા કરાતું ઉપેક્ષાભર્યું વર્તન તેને ડંખે છે. તે વ્યથિત મને વિચારી રહે છે કે: “અને એવો વખત પણ શું નહિ આવે જ્યારે બધાં પાન... જ જળ સીંચવાનું બંધ કરી દેશે.” (પૃ. ૩૫)

અહીં ચેતનાપ્રવાહ પ્રયુક્તિ દ્વારા ઉષાનો સંઘર્ષ વ્યક્ત કરાયો છે.

મનોગત ઉક્તિ

પરિવારની ઉપેક્ષાથી ઉષા પળ પળ ઘૂંટાયા કરે છે. એની આ સ્થિતિનો ચિતાર અહીં અપાયો છે. સંઘર્ષમય સ્થિતિમાં તે મનોમન વિચારે છે કે: “નવી ને જૂની પેઢી વચ્ચેનું અંતર... કે પછી લોકલાજનું?” (પૃ. ૩૪)

વાર્તાકારે મનોગત ઉક્તિઓ પ્રયોજીને ઉષાના મનોભાવોને વ્યક્ત કર્યા છે.

સંવાદ

વાર્તાની શરૂઆતમાં જ સંવાદ મૂકીને વાર્તાકારે ઉષાની વેદનાનો ચિતાર આપી દીધો છે. પુત્રવધૂ ડિમ્પલ દ્વારા હંમેશા થતી અવગણના તેને અંદરથી કોરી ખાય છે. જે નીચેના સંવાદમાં જોઈ શકાય છે.

‘જમવાનું તૈયાર છે.’ માધુએ કહ્યું....

.... ઉષા બોલી નહીં. (પૃ. ૩૧)

અહીં વાર્તાકારે વૃદ્ધાવસ્થાની નજીક પહોંચેલી ઉષાની મન:સ્થિતિનો ચિતાર સંવાદશૈલીથી દર્શાવ્યો છે.

- ‘રંગ તો છે ને!’ (કાગળની હોડી, ૧૯૭૮)

નાયિકાના મનમાં 'મૃત્યુ સમયે ધોળો રંગ શા માટે ધારણ કરાય છે?' તે બાબતે પ્રશ્નો ઊઠે છે. સફેદ રંગ મૃત્યુ સમયનો રંગ હોવાથી તેને તે અપશુકનિયાળ લાગે છે. તે વિચારે છે કે: "ધોળાં ધોળાં અસ્તિત્વો, શોકથી... લાગણી દેખાઈ નહોતી." (પૃ. ૬૩)

વાર્તાકારે અહીં ધોળા રંગને મૃત્યુવિષયક રંગ તરીકે ઉપસાવ્યો છે. સફેદ રંગનો મૃત્યુ સાથેનો સંબંધ દર્શાવી નાયિકાની સંઘર્ષમય સ્થિતિનું આલેખન કરેલું જોવા મળે છે.

## કથન પ્રયુક્તિનો વિનિયોગ

- 'સર્વનાશ' (કાગળની હોડી, ૧૯૭૮)

અહીં નાયક એના જીવનની ઘટના જાતે જ વર્ણવી રહ્યો છે. એનાં કથન દ્વારા જ મધુરીના સંઘર્ષની સ્થિતિ જોવા મળે છે. જે આ વિધાનોમાં વ્યક્ત થઈ છે. જેમ કે: "તેના મોં પર લોહી ધસી આવ્યું... હું જે કાંઈ કહેતો હતો તેનોય અર્થ હતો." (પૃ. ૧૦૭)

- 'પ્રતિશોધ' (જવા દઈશું તમને, ૧૯૮૩)

અહીં વાર્તાકારના કથન દ્વારા જ અચિરાની મન:સ્થિતિ જોવા મળે છે. આ વિધાનો જુઓ: "અચિરાની લાંબી કાળી પાંપણો એક વાર ઊંચી થઈને પછી નીચી ઝૂકી ગઈ.... અતલઅતાગ ગંભીરતા." (પૃ. ૬૧)

ભાષાશૈલી

વાર્તાકારે અચિરાની સંઘર્ષમય સ્થિતિને નીચેનાં કલાત્મક વિધાનો દ્વારા વ્યક્ત કરી છે.

- 'અધર્સ ફર્સ્ટ?' અચિરાના કંઠમાં શબ્દો જાણે... સુક્કા પાંદડાની જેમ ખખડયા. (પૃ. ૬૦)
- દિવસોનાં માળામાંથી આનંદ ઉલ્લાસનાં... પાંખ ફફડાવ્યા વિના જ ઊડી ગયાં. (પૃ. ૬૩)

## પ્રતીકનો વિનિયોગ

- 'કરોળિયાનું ઘર' (પ્રેમનાં આંસુ, ૧૯૫૪)

આ વાર્તામાં કરોળિયાની જાળું બનાવવાની પ્રક્રિયા દ્વારા નાયિકાના જીવનસંઘર્ષનો ખ્યાલ આવતો જાય છે. કરોળિયાનું જાળું અહીં નાયિકાના જીવનનું પ્રતીક બની રહે છે. જે એના મનોસંઘર્ષને ઉત્તેજિત કરવામાં પણ સહાયક બનતું જોવા મળે છે.

પીઠઝબકાર પ્રયુક્તિ

વૃદ્ધ નાયિકા પોતાની પાછલી જિંદગીમાં અનુભવેલો સંઘર્ષ યાદ કરે છે. એ યાદ તાજી થતાં જ એની સંઘર્ષની સ્થિતિ વધુ ઘેરી બને છે. નીચેનાં વિધાનો સાથે જ એ ભૂતકાળને યાદ કરતી જોવા મળે છે: “આ વિચાર સાથે જ એનું મન.... કેવું હતું પોતાનું જીવન?”(પૃ. ૧૮)

પીઠઝબકાર પ્રયુક્તિથી અહીં નાયિકાના સંઘર્ષને વધતો દર્શાવ્યો છે.

સહોપસ્થિતિ પ્રયુક્તિ

અહીં કરોળિયાની જાળું બનાવવાની પ્રક્રિયા વાર્તાની શરૂઆતથી માંડીને અંત સુધી ચાલે છે. તેના દ્વારા નાયિકાના જીવનસંઘર્ષનો પણ ખ્યાલ આવતો જાય છે. મિલકતમાંથી દીકરાઓને બાકાત કરતાં તેનું ઘર છિન્નભિન્ન થઈ જાય છે. આ ઘટના સાથે જ કરોળિયાએ બનાવેલું જાળું પણ તૂટી જાય છે. અહીં સહોપસ્થિતિની પ્રયુક્તિ દ્વારા કરોળિયાની જાળું બનાવવાની ઘટના અને નાયિકાના જીવનની ઘટનાઓ સમાંતરે ચાલે  છે. આ પ્રયુક્તિ વડે તેના સંઘર્ષને ઘેરો બનાવાયો છે.

## બાયફોકલ પ્રયુક્તિનો વિનિયોગ

- ‘ન્યાય’ (જવા દઈશું તમને, ૧૯૮૩)

લગ્ન પછી રાધિકા શ્યામના વર્તનમાં પરિવર્તન જુએ છે. તેને પોતાનો સુખદ ભૂતકાળ યાદ આવે છે. એ  યાદની સાથે જ તે વર્તમાનમાં આવીને અત્યારની સ્થિતિને અનુભવે છે. આમ તે ભૂતકાળ અને વર્તમાન દ્વારા શ્યામમાં આવેલા પરિવર્તનને અનુભવે છે. જેના કારણે એનો શ્યામ પ્રત્યેનો તિરસ્કાર પોષાતો જાય છે. આ માટે બાયફોકલ પ્રયુક્તિનો વિનિયોગ જોવા મળે છે.

ચેતનાપ્રવાહ

સ્વમાની રાધિકાને શ્યામ સાથે વારંવાર સંઘર્ષની સ્થિતિમાં ઊતરવું પડે છે. આ સ્થિતિમાં તેને પોતાના એક સ્ત્રી તરીકેનાં અસ્તિત્વનું ભાન થાય છે. એક સ્ત્રી હતી માટે જ તો તેણે અત્યાર સુધી બધું સહન કર્યું. એના મનમાં વિચારો ઉદ્દીપ્ત થાય છે. જેમાં એનો પુરુષના આધિપત્ય સામે વિરોધ છે. જે આ વિધાનોમાં જોવા મળે છે: "અને પોતે એ સહન કરી લીધું?... ઝૂલ્યા કરવી જોઈએ?" (પૃ. ૧૯૪) રાધિકાના વિરોધને ક્રમબદ્ધ વિચારશૃંખલાના રૂપે અંકિત કરીને ચેતનાપ્રવાહની પ્રયુક્તિનું નિરૂપણ કર્યું છે. આ પ્રયુક્તિનું આલેખન કરી વાર્તાકાર એને નિરાકરણ તરફ લઈ જાય છે.

જૂથ સમાપન

આ જૂથમાં તિરસ્કારના સંઘર્ષને દર્શાવતી પ્રયુક્તિઓનો સમાવેશ થયો છે. અહીં કુલ સાત વાર્તાઓ છે. સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષના નિદર્શન માટે અહીં મુખ્યત્વે ચેતનાપ્રવાહ, કથન પ્રયુક્તિ, પ્રતીક અને બાયફોકલ પ્રયુક્તિનો વિનિયોગ જોવા મળે છે. સૌથી વધુ ચેતનાપ્રવાહ પ્રયુક્તિ જોવા મળે છે. 'તમારાં ચરણોમાં', 'આ ઉંમરે, એકલી?' અને 'રંગ તો છે ને!' વાર્તાઓમાં વાર્તાકારે ચેતનાપ્રવાહનો વિનિયોગ કર્યો છે. આ પ્રયુક્તિ દ્વારા આ ત્રણેય વાર્તાની નાયિકાઓમાં તિરસ્કારનો ભાવ જાગ્રત થઈ શક્યો છે. જેના કારણે આ નાયિકાઓ પોતાનો સ્વતંત્ર માર્ગ અપનાવતી જોવા મળે છે.

આમ, આ વાર્તાઓની નાયિકાઓમાં તિરસ્કારનો સંઘર્ષ ઉદ્દીપ્ત કરવા માટે ચેતનાપ્રવાહ પ્રયુક્તિનો યથાયોગ્ય ઉપયોગ સફળ રહ્યો છે. 'સર્વનાશ' અને 'પ્રતિશોધ' વાર્તાઓમાં વાર્તાકારે કથન પ્રયુક્તિને અજમાવી છે. વાર્તાકારના કથન દ્વારા જ મધુરી અને અચિરાનો મનોસંઘર્ષ છતો થયો છે. 'કરોળિયાનું ઘર' પ્રતીકાત્મક વાર્તા છે. આખી વાર્તામાં કરોળિયાનું જાળું એ વૃદ્ધ નાયિકાના સંઘર્ષમય જીવનનું પ્રતીક બની રહે છે. કરોળિયાના જાળાને સમયાંતરે દર્શાવીને અહીં તેનો પ્રતીક તરીકે ઉપયોગ થયો છે. જેના વડે નાયિકાની મન:સ્થિતિનું સુંદર નિરૂપણ થયું છે.

ચોથા વાર્તાસંગ્રહની 'ન્યાય' વાર્તામાં વાર્તાકાર બાયફોકલ તરફ વળ્યા છે. આ પ્રયુક્તિ વડે રાધિકાને ભૂતકાળ અને વર્તમાનની તુલના કરતી બતાવાઈ છે. જેના કારણે તેનો તિરસ્કારનો સંઘર્ષ મજબૂત થતો જોવા મળે છે. બાયફોકલ પ્રયુક્તિ વડે વાર્તાકાર તેને સફળતાથી ભાવનાત્મક સંઘર્ષની

સ્થિતિમાં મૂકી શક્યા છે. આ ઉપરાંત આ વાર્તાઓમાં થોડાઘણાં અંશે ભાષાશૈલીનો વિનિયોગ પણ જોવા મળે છે. અલંકારો અને કલાત્મક વિધાનોની ગૂંથણીથી વાર્તાકાર સ્ત્રીપાત્રોના સંઘર્ષને ઉજાગર કરી શક્યા છે. વર્ણન, પીઠઝબકાર, સંવાદ જેવી સહાયક પ્રયુક્તિઓના સમન્વયથી સ્ત્રીવિષયક સંઘર્ષ વધુ સ્પષ્ટ અને તીવ્ર બનતો જોવા મળે છે.

## જૂથ ૪- પીડા

આ જૂથમાં પીડાની ભાવના સાથે સંઘર્ષ કરતાં સ્ત્રીપાત્રો છે. આ વાર્તાઓનાં પાત્રો મહદઅંશે અન્ય સ્વજનની લાગણીને કારણે પીડાતાં જોવા મળે છે. ચયન કરેલી વાર્તાઓમાંથી કુલ પાંચ વાર્તાઓનો સમાવેશ આ જૂથમાં થાય છે. જેમાં ‘પ્રેમનાં આંસુ’, ‘યુદ્ધ…વિરામ…શાંતિ!’, ‘એક રાતની વાત’, ‘કોઈક દિવસ’ અને ‘ભેટ’ જેવી વાર્તાઓનો સમાવેશ થયો છે. આ વાર્તાઓમાં રહેલા ભાવનાત્મક સંઘર્ષને વર્ણવવા માટે લીધેલ પ્રયુક્તિઓ વિશેની થોડી સ્પષ્ટતા અહીં કરવામાં આવી છે. જે નીચે મુજબ છે.

**કથન પ્રયુક્તિનો વિનિયોગ**

- ‘એક રાતની વાત’ (વધુ ને વધુ સુંદર, ૧૯૬૭)

રાધાનું નાનું બાળક ખૂબ જ બીમાર હોવાથી તે ચિંતાગ્રસ્ત છે. કામમાં તેનું મન પરોવાતું નથી. તેની વ્યથાગ્રસ્ત સ્થિતિનું વર્ણન અહીં વાર્તાકારે નાયકના મુખે કર્યું છે. જેના વડે તેની સંઘર્ષમય સ્થિતિનો ચિતાર આપ્યો છે. આ વિધાનોમાં રાધાનો ભાવનાત્મક સંઘર્ષ વ્યક્ત થયો છે: “તે ખૂબ શૂન્યમનસ્ક લાગતી હતી, તેના હાથમાંથી વાસણો પડી જતાં હતાં... સામે પછી એકપણ વાર જોયું નહિ.” (પૃ. ૬૯)

વાર્તાકારે અહીં કથનપ્રયુક્તિના વિનિયોગ વડે રાધાની વ્યથાનું વર્ણન કર્યું છે.

પીઠઝબકાર પ્રયુક્તિ

વાર્તાની શરૂઆતમાં જ નાયક એના ભૂતકાળની ઘટના કહેતો જોવા મળે છે. પીઠઝબકારની પ્રયુક્તિ દ્વારા અહીં નાયકનો સંઘર્ષ વર્ણવાયો છે. જે આ વિધાનોમાં જોવા મળે છે: "તે દિવસે હું બહુ ધૂંધવાયેલો ન હોત તો... ના ન પાડી હોત તોપણ કદાચ એવું ન બન્યું હોત..." (પૃ. ૬૬)

વાર્તાકારે વાર્તાનો આરંભ નાયકની મનોવ્યથાથી કરીને શરૂઆતથી જ એના સંઘર્ષને રજૂ કર્યો છે.

ચેતનાપ્રવાહ પ્રયુક્તિ

રાધાની માનસિક હાલત માટે વાર્તાનાયક પોતાને જવાબદાર ગણે છે. તે વિચારે છે કે: "ધારો કે આમ હું ન બોલ્યો હોત... ને રોજ અંધારું થતાં ચચરવા લાગે છે." (પૃ. ૬૬)

અહીં નાયકના સંઘર્ષ નિરૂપણ માટે ચેતનાપ્રવાહ પ્રયુક્તિનો વિનિયોગ કરેલો જોવા મળે છે.

ભાષાશૈલી

રાધાને પોતાના વ્હાલસોયા બાળકની ચિંતા સતાવે છે. તેના વર્ણનમાં એની વ્યથાગ્રસ્ત મન:સ્થિતિનું નિરૂપણ છે. આ વિધાનો જુઓ: "તે ખૂબ શૂન્યમનસ્ક લાગતી હતી, તેના હાથમાંથી વાસણો પડી જતાં હતાં... દીપ્તિ વિલાઈ ગઈ હતી. તેણે મારી સામે પછી એકપણ વાર જોયું નહિ." (પૃ. ૬૯) વાર્તાકારે અહીં રાધાની વ્યથાનું વર્ણન કર્યું છે. નાયક તેની પ્રત્યે દુર્લક્ષ સેવે છે. તે અહીં જોઈ શકાય છે.

રાધાના સંઘર્ષને અહીં વાક્યના પુનરાવર્તન અને કલાત્મક વિધાનો દ્વારા પણ વર્ણવાયો છે. નીચેનાં વાક્યો જુઓ.

- 'એક રાતની વાત' વાર્તામાં રાધા એક સામાન્ય કામવાળી હોવાથી તેનાથી નાયકની સામે બોલી શકાતું નથી. આખી વાર્તામાં "સાહેબ, હું થોડી વાર ઘેર...." જેવા અધૂરા વાક્યના પુનરાવર્તનમાં રાધાની મનોવેદના પૂરેપૂરી ઝીલાઈ છે. (પૃ. ૬૮)
- આ ઘાવ જે રોજ રાત પડતાં ખુલ્લો થઈ જાય છે... અંધારું થતાં ચચરવા લાગે છે!

- 'કોઈક દિવસ'  (વધુ ને વધુ સુંદર, ૧૯૬૭)

બાળનાયક મૃત્યુની સમીપે પહોંચ્યો છે. પોતાની આવી હાલત જોઈને દુઃખી થતી માતાને તે જુએ છે. માતાની સંઘર્ષમય સ્થિતિ દર્શાવતા વિધાનો આ મુજબ છે: "અચાનક તેને યાદ આવ્યું કે... માની આંખો ટપ ટપ કરતી ચૂઈ પડી." (પૃ. ૧૬૧)

અહીં બાળ નાયકની મન:સ્થિતિ દર્શાવવા કથન પ્રયુક્તિનો સહારો લેવાયો છે.

- 'ભેટ' (જવા દઈશું તમને, ૧૯૮૩)

વાર્તાકારનાં કથન દ્વારા જ અહીં તોષાના સંઘર્ષને નિરૂપવામાં આવ્યો છે. તોષાને યુવાન પુત્ર અને પુત્રવધૂનાં મૃત્યુના સમાચાર મળે છે. ત્યારબાદની તેની મન:સ્થિતિ વર્ણવતાં આ વિધાનો જુઓ: "તોષાએ ગોળી લીધી... ક્યાંય સુધી તેણે રડ્યા કર્યું." (પૃ. ૧૬૨)

અહીં આ વિધાનોમાં તોષાનો હતાશાને કારણે સંઘર્ષ જોઈ શકાય છે.

મનોગત ઉક્તિ

તોષાની પીડા જોઈ સંતોષ મનોમન વિચારે છે કે: "કેવીરીતે સહન કરશે તે?... કેમ જીવશે?" (પૃ. ૧૬૩)

અહીં સંતોષનાં સંઘર્ષને દર્શાવવા મનોગત ઉક્તિનો સહારો લેવાયો છે.

### ચેતનાપ્રવાહ પ્રયુક્તિનો વિનિયોગ

- 'પ્રેમનાં આંસુ' (પ્રેમનાં આંસુ, ૧૯૫૪)

અપંગ કિરણને જોઈને સુશીલા મનોમન વિચારો કરતી જોવા મળે છે. એને થતું કે: "આ ઝંખનાઓ, આશાઓ... એ આમ જ સ્વપ્નો ઘડ્યા કરશે?" (પૃ. ૬)

સરયુના વિચારો અને કલ્પનાઓમાં એની હતાશા અને ઘૃણાના ભાવ જોવા મળે છે. જે આ વિધાનોમાં જોવાય છે: "પગ ઘસડતો, બોલી ન શકવાને લીધે... અણગમાથી એનું મન ભરાઈ ગયું." (પૃ.૧૩)

ભાષાશૈલી

સુશીલાના મનોસંઘર્ષને પ્રગટાવવા વાર્તાકારે એના બાળકની અપંગ અને અસહાય સ્થિતિનું નિરૂપણ કર્યું છે. જે આ વિધાનોમાં જોવા મળે છે: “કિરણ એકાએક ખૂબ સખત માંદો પડ્યો... બાળકની આ સ્થિતિ જોઈ સુશીલાનું સઘળું ચેતન હરાઈ ગયું.” (પૃ. ૩)

બીમાર કિરણની વ્યથા નિહાળીને સુશીલાનો સંઘર્ષ ચરમસીમાએ પહોંચે છે. અહીં બીમાર કિરણનું આબેહૂબ વર્ણન છે. જેના દ્વારા સુશીલાના સંઘર્ષને ઉજાગર કર્યો છે.

સુશીલાના મનોસંઘર્ષને આલેખવા માટે અહીં કલાત્મક વિધાનો પણ જોવા મળે છે. જે નીચે મુજબ છે.

- આ અભાનતમાંથી સુશીલા જાગી.... ગાઢપણે વ્યાપી ગઈ હતી. (પૃ. ૪)

## પત્ર પ્રયુક્તિનો વિનિયોગ

- ‘યુદ્ધ...વિરામ....શાંતિ!’ (પ્રેમનાં આંસુ, ૧૯૫૪)

માતૃભૂમિ કાજે યુદ્ધમાં ગયેલ જેનસાન સમયાંતરે જાસ્મીનને પત્ર લખતો રહે છે. આ પત્રો વાંચીને જાસ્મીનનો સંઘર્ષ વધતો રહે છે. પત્ર પ્રયુક્તિ દ્વારા વાર્તાકારે જાસ્મીનના સંઘર્ષને ઉદ્દીપ્ત કરેલો જોવા મળે છે. આ વિધાનો જુઓ: “પત્ર વાંચીને જાસ્મીન ક્યાંય સુધી ચૂપચાપ બેસી રહી. નાનકડા એ ખંડમાં સૂનકાર રડી ઊઠયો.” (પૃ. ૧૧૭)

અહીં પત્ર પ્રયુક્તિનો વિનિયોગ જોવા મળે છે.

ભાષાશૈલી

જેનસાન દ્વારા લખાયેલા પત્રોમાં કરાયેલું યુદ્ધભૂમિનું વર્ણન જાસ્મીનના મનોસંઘર્ષને વધુ તીવ્ર કરી મૂકે છે. જે આ વિધાનોમાં જોઈ શકાય છે: “દિવસ અને રાત બૉમ્બના આઘાતથી વાદળ વિંધાય છે.... અમારી સચેતન આશાઓ કટકે કટકે કપાઈને નીચે ધરબાતી જાય છે.” (પૃ. ૧૧૫)

અહીં યુદ્ધભૂમિનું ડરામણું વર્ણન કરવામાં પણ વાર્તાકારનો કસબ જોઈ શકાય છે. જે જાસ્મીનની મનોવ્યથાને વધુ તીવ્ર કરી મૂકે છે. જાસ્મીનના ભાવનાત્મક સંઘર્ષને આલેખવા માટે અહીં કલાત્મક વિધાનોનો વિનિયોગ જોવા મળે છે. જે નીચે મુજબ છે.

- તેના પદ્મપત્ર પરથી આશાનાં તુષારબિંદુઓ ખરી પડ્યાં હતાં. (પૃ. ૧૧૯)
- તોફાની વાવાઝોડું જાસ્મિનના જર્જરિત ઘરને સાફ કરી ગયું. (પૃ. ૧૨૨)
- હવે બાકી શું રહ્યું?... હતાશાની આગ ને આંસુ વીંટ્યો અંધકાર. (પૃ. ૧૨૨)

જૂથ સમાપન

આ જૂથમાં પીડાના સંઘર્ષ સાથે કુલ પાંચ વાર્તાઓ આવે છે. સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષના નિદર્શન માટે અહીં મુખ્યત્વે કથન પ્રયુક્તિ, ચેતનાપ્રવાહ, અને પત્ર પ્રયુક્તિનો વિનિયોગ જોવા મળે છે. વિશેષતઃ કથન પ્રયુક્તિનો વિનિયોગ જોવા મળે છે. ‘એક રાતની વાત’, ‘કોઈક દિવસ’, અને ‘ભેટ’ આ ત્રણ વાર્તાઓમાં કથન પ્રયુક્તિ જોવા મળે છે. આ ત્રણેય વાર્તામાં વાર્તાકારના કથન દ્વારા સ્ત્રીપાત્રોની પીડાનો સંઘર્ષ અનુભવાય છે. ‘પ્રેમનાં આંસુ’માં સુશીલાની પીડા દર્શાવવા માટે મહત્તમ ચેતનાપ્રવાહ પ્રયુક્તિ વાપરવામાં આવી છે. આ પ્રયુક્તિના યથાસ્થાને યોગ્ય ઉપયોગ દ્વારા વાર્તાકારે સુશીલાના ચિત્તમાં વિચારો ઉદ્દીપ્ત કર્યા છે. જે એની પીડાને વધુ તીવ્ર બનાવવામાં સહાયક બન્યા છે. આ રીતે વાર્તાની બંને નાયિકાઓના ભાવનાત્મક સંઘર્ષને ચરમસીમાએ પહોંચાડવામાં ચેતનાપ્રવાહ પ્રયુક્તિ કારગર નીવડી છે.

‘યુદ્ધ...વિરામ..શાંતિ!’ વાર્તામાં વાર્તાકારે પત્રને જાસ્મીનના ભાવનાત્મક સંઘર્ષ માટેનું હથિયાર બનાવ્યું છે. યુદ્ધમાં ગયેલ જેનસાનના પત્રો વાંચીને જાસ્મીનમાં પીડાનો ભાવ ઉદ્દીપ્ત થાય છે. યુદ્ધવિરામની વાતો વચ્ચે તેને પતિ મિલનની તીવ્ર આશા બંધાય છે. અંતમાં જેનસાનના મૃત્યુ સાથે એનો સંઘર્ષ ચરમસીમાએ પહોંચે છે. આમ, અહીં જાસ્મીનની પીડાને ઉજાગર કરવા પત્ર પ્રયુક્તિ ઉપયોગી સાબિત થઈ છે. એના સંઘર્ષને પોષવામાં જેનસાનના પત્રો સહાયક બનતાં જોઈ શકાય છે. આ

જૂથમાં પણ વર્ણન, પીઠઝબકાર જેવી અન્ય સહાયક પ્રયુક્તિઓ અને ભાષાકર્મની વિવિધતા સામેલ છે. જે પણ પાત્રોનાં ભાવનાત્મક સંઘર્ષને પોષવામાં સહાયક બને છે.

## જૂથ ૫ – ક્રોધ

આ જૂથમાં ક્રોધના ભાવનાત્મક સંઘર્ષ કરતાં સ્ત્રીપાત્રોની વાત કરાઈ છે. આ વાર્તાઓના સ્ત્રીપાત્રો મહદઅંશે અનિચ્છનીય પરિસ્થિતિનો વિરોધ કરતાં જોવા મળે છે. ચયન કરેલી વાર્તાઓમાંથી કુલ ત્રણ વાર્તાઓનો સમાવેશ આ જૂથમાં થાય છે. જેમાં 'ફ્લાવરવેલી', 'ખુરસી' અને 'ચકલાંઘર' જેવી વાર્તાઓનો સમાવેશ થયો છે. સ્ત્રીવિષયક ક્રોધના સંઘર્ષને દર્શાવવા ઉપયોગમાં લીધેલ પ્રયુક્તિઓ વિશેની થોડી સ્પષ્ટતા અહીં કરવામાં આવી છે. જે નીચે મુજબ છે.

### કથન પ્રયુક્તિનો વિનિયોગ

- 'ખુરસી' (જવા દઈશું તમને, ૧૯૮૩)

લગ્ન કર્યા ત્યારથી જ સીતા પતિના આધિપત્યને સહન કરતી આવી છે. સહનશીલતાની હદ વટાવી ચૂકેલી સીતા પતિ સામે વિરોધ વ્યક્ત કરે છે. નિરંજન પર ક્રોધે ભરાઈને તે કહે છે કે: "હવે હું વધારે સહન કરવા માંગતી નથી." (પૃ. ૧૨૮)

અહીં વાર્તાકારે સીતાના કથન દ્વારા જ એના ભાવજગતને દર્શાવ્યું છે.

- 'ચકલાંઘર' (જવા દઈશું તમને, ૧૯૮૩)

નાયકનાં કથન દ્વારા અહીં સાસુ-વહુના વિરોધાભાસનો ખ્યાલ આવે છે. જેના દ્વારા બંને સ્ત્રીપાત્રોનો એકબીજા સાથેનો ક્રોધ જોવા મળે છે. જે આ વિધાનો દ્વારા જોવા મળે છે. મા એની વહુ પર ક્રોધ વ્યક્ત કરતાં નાયકને કહે છે કે: 'આજે તારી વહુએ મારે માટે મોળું શાક જુદું કાઢ્યું નહોતું.' (પૃ. ૯૧)

પત્ની પણ સાસુ પ્રત્યે ક્રોધ વ્યક્ત કરતાં કહે છે કે: 'તમારાં મા ઘરમાં ચકલાં ઊડી આવે ને કચરો કરે તોય ઉડાડતાં નથી. ને હું કહું ત્યારે નકામાં મારી સાથે કચકચ કરે છે.' (પૃ. ૯૨)

આ રીતે બંને સ્ત્રીપાત્રોના એકબીજા પ્રત્યેના ક્રોધનું વર્ણન અહીં છે.

**ચેતનાપ્રવાહ પ્રયુક્તિનો વિનિયોગ**

- 'ફ્લાવરવેલી' (મનુષ્ય થવું, ૧૯૯૦)

લેખાને પસંદ કરવા માટે યુવાન જોવા આવવાનો છે. યુવાન તેને પસંદ કરી લે તે માટે તેને સારી રીતે તૈયાર થવું પડે છે. જે એને બિલકુલ ગમતું નથી. એનાં આ વિચારોમાં એનો ક્રોધ જોવા મળે છે: "અરીસા સામે તૈયાર થતાં તે વિચારી રહી... મહેચ્છા ધરાવતી વ્યક્તિની જરૂર નહોતી?" (પૃ. ૫૮)

મનમાં ઉદ્દીપ્ત થતા આવા વિચારોને કારણે લેખા ભાવનાત્મક સંઘર્ષની સ્થિતિમાં મૂકાય છે. વાર્તાકારે ચેતનાપ્રવાહની પદ્ધતિનો પ્રયોગ કરીને તેનો મનોસંઘર્ષ પ્રતિબિંબિત કર્યો છે.

કથન પ્રયુક્તિ

અહીં વાર્તાકારના કથન દ્વારા લેખાની મન:સ્થિતિનો ખ્યાલ આવે છે. સમાજનાં બધાં જ જડ નિયમો માત્ર ને માત્ર સ્ત્રીઓ માટે જ કેમ છે? તે વિચારે તે સંઘર્ષ અનુભવે છે. વાર્તાની શરૂઆતમાં જ વાર્તાકાર લેખા વિશે જણાવે છે કે: "ફરી વાર લોકો જોવા આવવાનાં હતાં... તેને ભયંકર ગુસ્સો આવતો હતો. પણ માબાપની સ્થિતિ જોઈને તે ગુસ્સો ગળી ગઈ." (પૃ. ૫૮)

મનોગત ઉક્તિ

લેખાનો સમાજના સ્ત્રીસ્વાતંત્ર્યને રૂંધતા નિયમો સામે સખત વિરોધ છે. તે વિચારે છે કે: "જે છોકરો જોવા આવવાનો હતો... પ્રશ્નો નહોતી પૂછતી? તે કેમ શરતો નહોતી મૂકતી?" (પૃ. ૫૮)

જૂથ સમાપન

આ જૂથની વાર્તાઓમાં કુલ ત્રણ વાર્તાઓનો સમાવેશ થાય છે. સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષના નિદર્શન માટે અહીં મુખ્યત્વે કથન પ્રયુક્તિ અને ચેતનાપ્રવાહ પ્રયુક્તિનો વિનિયોગ જોવા મળે છે. જેમાં ‘ખુરસી’ અને ‘ચકલાંઘર’ આ બે વાર્તાઓમાં કથન પ્રયુક્તિનો વિનિયોગ થયો છે. વાર્તાકારના કથન દ્વારા બંને વાર્તાઓનાં સ્ત્રીપાત્રોની ક્રોધની મનઃસ્થિતિ વર્ણવાઈ છે. ‘ખુરસી’ વાર્તાની સીતા પતિના આધિપત્યનો વિરોધ દર્શાવે છે. તેની ક્રોધિત અવસ્થા દર્શાવવા માટે કથન પ્રયુક્તિનો ઉપયોગ થયો છે. ‘ચકલાંઘર’ વાર્તામાં પણ બંને સ્ત્રીપાત્રોના વિચારો મળતા નથી. આ વિરોધાભાસ તેમનો એકબીજા પ્રત્યે આંશિક ક્રોધભાવ જન્માવે છે. જે દર્શાવવા માટે કથન પ્રયુક્તિનો યોગ્ય ઉપયોગ જોવા મળે છે.

‘ફ્લાવરવેલી’ વાર્તામાં લેખાનો ઉગ્ર ક્રોધ દર્શાવાયો છે. જેને તીવ્ર બનાવવામાં એનાં વિચારો સહાયક બન્યાં છે. આ વિચારોને ઉદ્દીપ્ત કરવા માટે અહીં ચેતનાપ્રવાહ પ્રયુક્તિને વાર્તાકારે હાથવગી રાખી છે. જેના વડે તે લેખાના ક્રોધને પોષક બનતાં વિચારોની મથામણ દર્શાવી શક્યા છે. આ સાથે અહીં અન્ય સહાયક પ્રયુક્તિઓનો વિનિયોગ પણ જોવા મળે છે. જે સ્ત્રીવિષયક ક્રોધના સંઘર્ષને ઉત્તેજિત કરવામાં મદદરૂપ બન્યાં છે. ભાષાકર્મનો વિનિયોગ અહીં જોવા મળતો નથી.

## જૂથ ૬ - ઈર્ષ્યા

આ જૂથમાં ઈર્ષ્યા સાથેનો સંઘર્ષ કરતાં સ્ત્રીપાત્રો છે. આ વાર્તાઓનાં સ્ત્રીપાત્રો અન્ય પાત્રની સામે પોતાને ચઢીયાતા સાબિત કરવા મથે છે. આમ કરતાં તેઓ મનોમન અન્ય પાત્રની ઈર્ષ્યા કરતાં જોવા મળે છે. ચયન કરેલી વાર્તાઓમાંથી કુલ બે વાર્તાઓનો સમાવેશ આ જૂથમાં થાય છે. જેમાં ‘સુખ’ અને ‘અસત્યનાં ચરમ બિંદુએ’ જેવી વાર્તાઓ જોવા મળે છે. ઈર્ષ્યાના ભાવનાત્મક સંઘર્ષને દર્શાવવા માટે લીધેલ પ્રયુક્તિઓ વિશેની સ્પષ્ટતા અહીં કરવામાં આવી છે.

### મનોગત ઉક્તિનો વિનિયોગ

- ‘સુખ’ (કાગળની હોડી, ૧૯૭૮)

વિદેશથી આવેલી સોનાનું વર્તન જોઈને અમિતા એના પર મનોમન ક્રોધે ભરાય છે. પોતાની અપેક્ષાઓ ન સંતોષાતાં તે ક્રોધ વ્યક્ત કરે છે. જે આ વિધાનોમાં જોવા મળે છે: "મનમાં તે ગુસ્સે થઈ રહી. સાવ કેવાં કપડાં પહેર્યાં છે?... કાંઈ લાવી લાગતી નથી." (પૃ. ૯)

અહીં મનોગત ઉક્તિના પ્રયોજન દ્વારા તેનો ભાવનાત્મક સંઘર્ષ ઉજાગર કરવામાં આવ્યો છે.

## ચેતનાપ્રવાહ પ્રયુક્તિનો વિનિયોગ

- 'અસત્યનાં ચરમ બિંદુએ' (કાગળની હોડી, ૧૯૭૮)

સુમિતા મોટી બહેન પર સરસાઈ સ્થાપવાના હેતુથી અંજનને પોતાની તરફ આકર્ષે છે. બંનેના લગ્ન નક્કી થઈ જાય છે. સત્ય સમજાતાં તેના મનમાં અનેક કાલ્પનિક વિચારો ઉદ્દભવે છે. જે આ મુજબ છે: "તેણે કલ્પના કરી જોઈ...જે પુરુષને ચાહતાં હોઈએ... ના ના, એ તો કોઈ કાળે જ બને નહિ." (પૃ. ૨૧)

અહીં ચેતનાપ્રવાહ પ્રયુક્તિ વડે સુમિતાનો ભાવનાત્મક સંઘર્ષ વધુ ઘેરો બનતો જોવા મળે છે.

સંવાદ

વાર્તાના અંતમાં અંજન અને સુમિતા વચ્ચેનો આ સંવાદ સુમિતાની મનોવ્યથાને નિરૂપી રહે છે.

"અંજને વિસ્મિત નજરે તેની સામે જોયું, અને પછી ડોકું ધુણાવ્યું: ' એ તો શી રીતે બને?'

.... સુમીતાનું મગજ ગુસ્સાથી, નિ:સહાયથી ફાટી જવા લાગ્યું... પણ હું તને નથી ચાહતી." (પૃ. ૨૭)

અહીં, સુમિતાને જયારે સત્યનું ભાન થાય છે ત્યારે તે મનોમન સંઘર્ષ અનુભવે છે.

ભાષાશૈલી

સુમિતાના ભાવનાત્મક સંઘર્ષને વર્ણવવા માટે અહીં કલાત્મક વિધાનો પણ જોવા મળે છે. જે નીચે મુજબ છે.

- એ ભીડની વચ્ચે સાવ એકલી પડી જતી... આંખોમાં જંગલનું અંધારું ઊતરી આવતું. (પૃ-૧૮)
- તેની આંખમાં એ જંગલના ઘોર ઊંડાણો... અંધ ક્રૂરતાઓની રેખા દોરાતી. (પૃ-૧૯)
- સુમિતાના જંગલમાં એક દાવ લાગતો... ભસ્મીભૂત થઈ ગઈ હતી. (પૃ-૨૦)

જૂથ સમાપન

આ જૂથની વાર્તાઓમાં ‘સુખ’ અને ‘અસત્યનાં ચરમ બિંદુએ’ આ બે વાર્તાઓનો સમાવેશ થાય છે. આ વાર્તાના સ્ત્રીપાત્રોમાં ઈર્ષ્યાનો ભાવ જોવા મળે છે. જેના દ્વારા તેઓ ભાવનાત્મક સંઘર્ષ કરતાં જોવાય છે. સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષના નિદર્શન માટે અહીં મુખ્યત્વે મનોગત ઉક્તિ અને ચેતનાપ્રવાહ પ્રયુક્તિનો વિનિયોગ જોવા મળે છે. ‘સુખ’ વાર્તાની અમિતાનો ઈર્ષ્યાનો સંઘર્ષ વ્યક્ત કરવા માટે અહીં મનોગત ઉક્તિઓ પ્રયોજાઈ છે. એના મનમાં એકોક્તિઓને ઉદ્દીપ્ત કરીને એની સોના પ્રત્યેની ઈર્ષ્યાને અહીં ઉજાગર કરવામાં આવી છે.

એ જ રીતે ‘અસત્યનાં ચરમ બિંદુએ’ વાર્તામાં સુમિતાને એની મોટી બહેન પ્રત્યે ઈર્ષ્યાભાવ છે. એના સંઘર્ષને તીવ્ર બનાવવા માટે વાર્તાકારે અહીં ચેતનાપ્રવાહ પ્રયુક્તિ અપનાવી છે. જેના દ્વારા સુમિતામાં ભય જેવી અન્ય ભાવનાઓ ઉદ્દીપ્ત થાય છે. જેના કારણે એનો સંઘર્ષ વધુ તીવ્ર બનતો જાય છે. આમ, સુમિતાના ભાવનાત્મક સંઘર્ષને વધુ ઘેરો બનાવવા અહીં ચેતનાપ્રવાહનો યોગ્ય વિનિયોગ થયો છે. અહીં, ભાષાકર્મનો પણ ઉચિત ઉપયોગ જોવા મળે છે. આમ, આ જૂથમાં ઉચિત પ્રયુક્તિઓના વિનિયોગ વડે પાત્રોનો ભાવનાત્મક સંઘર્ષ પોષાયો છે.

## જૂથ ૭ - ભય

આ જૂથમાં સ્ત્રીપાત્રનો ભય સાથેનો ભાવનાત્મક સંઘર્ષ દર્શાવાયો છે. માત્ર એક જ વાર્તા ‘આગળ શું આવશે?’નો સમાવેશ અહીં થયો છે. પાત્રના ભાવનાત્મક સંઘર્ષને દર્શાવવા માટે લીધેલ પ્રયુક્તિઓ વિશેની સ્પષ્ટતા અહીં કરવામાં આવી છે. જે નીચે મુજબ છે.

### ચેતનાપ્રવાહ પ્રયુક્તિનો વિનિયોગ

- 'આગળ શું આવશે?' (પ્રેમનાં આંસુ, ૧૯૫૪)

માસુમ બાળકી પોતાની માની સ્થિતિ વિશે બિલકુલ અજાણ છે. તે માસૂમિયતથી વારંવાર નાયિકાને 'આગળ શું આવશે?' તેવો પ્રશ્ન પૂછ્યા કરે છે. આ સ્થિતિમાં નાયિકા વિચારે છે કે: "તેને કહું, કે ન કહું?... તેને હું કેવીરીતે કાંઈ પણ કહું?" (પૃ. ૧૩૭)

વાર્તાકારે નાયિકાના મનમાં આવા વિચારો ઉદ્દીપ્ત કરવા માટે અહીં ચેતનાપ્રવાહની પ્રયુક્તિનો વિનિયોગ કર્યો છે. જેના કારણે નાયિકાને માસૂમ બાળકીના ભવિષ્યની ચિંતા થાય છે. બાળકીની માતાની મૃત્યુની સ્થિતિમાં આ કારણે તેને ભાવનાત્મક સંઘર્ષની સ્થિતિમાં મૂકી શક્યા છે.

ભાષાશૈલી

વાર્તાકારે અહીં મૃત્યુની પથારી પર પડેલી બાળકીની માનું વર્ણન કર્યું છે. જેના દ્વારા તેમણે નાયિકાના મનમાં સંઘર્ષની સ્થિતિને સ્થાપિત કરી છે. બાળકીની બીમાર માતાનું વર્ણન દર્શાવતાં વિધાનો આ મુજબ છે: "તેનો શ્વાસ ધીમો પડવા લાગ્યો હતો... હૃદયના ધબકારા વધી ગયા." (પૃ. ૧૩૭)

મૃત્યુની નજીક જઈ રહેલી સ્ત્રીનું આબેહૂબ વર્ણન કરીને વાર્તાકારે નાયિકાના હૃદયને વિચલિત કરી આપ્યું છે. આ વર્ણન તેના ચિત્તને ખળભળાવી મૂકવા માટે ખરેખર એક ઉદ્દીપક બની રહ્યું છે.

વાર્તામાં નાની બાળકી દ્વારા વારંવાર 'હવે આગળ શું આવશે?' આ વાક્યનું પુનરાવર્તન થયું છે. જેના દ્વારા નાયિકાનો સંઘર્ષ વધુ તીવ્ર બનતો જાય છે.

જૂથ સમાપન

આ જૂથમાં વાર્તાકારે ભય સાથેના ભાવનાત્મક સંઘર્ષનું નિરૂપણ કર્યું છે. આ માટે ચેતનાપ્રવાહનો ઉચિત વિનિયોગ કરેલો જણાય છે. આ પ્રયુક્તિ દ્વારા વાર્તાકારે નાયિકાના માનસપટ પર વિચારોને ઉદ્દીપ્ત કરેલા જોવા મળે છે. આ સાથે કરાયેલું બીમાર સ્ત્રીનું વર્ણન પણ નાયિકાના સંઘર્ષને

પોષતું જણાય છે. જેના કારણે એનો ભાવનાત્મક સંઘર્ષ વધુ તીવ્ર બને છે. ભાષાકર્મમાં વાક્યનું પુનરાવર્તન પણ કરેલું જોવા મળે છે. જે નાયિકાનો સંઘર્ષ વધુ ઘેરો બનાવવામાં સહાયક બન્યું છે.

## પ્રકરણ સમાપન

આ પ્રકરણની વિસ્તૃત ચર્ચા કર્યા પછી આપણે જોઈ શકીએ છીએ કે વાર્તાકારે તેમની વાર્તાઓમાં સંઘર્ષ નિરૂપણ માટે વિવિધ યુક્તિપ્રયુક્તિઓનો વિનિયોગ કર્યો છે. એમણે ખપમાં લીધેલી પ્રયુક્તિઓમાં નવીન પ્રયુક્તિઓ જોવા મળતી નથી. સદાકાળથી કથાલેખન માટે જે પ્રયુક્તિઓ વપરાતી આવી છે તેનો જ વિનિયોગ કરીને તેમણે સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષને ઉઘાડ્યો છે. આ પ્રયુક્તિઓના ઉચિત વિનિયોગ વડે એમણે વાર્તાઓમાં ઓછાવત્તા પ્રમાણમાં સ્ત્રીના ભાવનાત્મક સંઘર્ષનું નિરૂપણ કરી આપ્યું છે. ખપમાં લીધેલ પ્રયુક્તિઓમાં કથન પ્રયુક્તિ, ચેતનાપ્રવાહ, સંવાદ, મનોગત ઉક્તિઓ, પીઠઝબકાર, બાયફોકલ, સ્વપ્ન પ્રયુક્તિ, પ્રતીક અને પત્ર પ્રયુક્તિ જોવા મળે છે.

વાર્તાકારે સ્ત્રીસંઘર્ષને ઉજાગર કરવા વાર્તાઓમાં પાત્રને અણગમતી ઘટના કે સ્થિતિનું સર્જન કર્યું છે. આવી અણગમતી સ્થિતિનો પાત્રોમાં વિરોધ જાગે છે. જે ધીમે ધીમે ભાવનાત્મક સંઘર્ષનું સ્વરૂપ લે છે. આ કારણે પાત્રમાં નકારાત્મક ભાવના ઉદ્દીપ્ત થાય છે. ભાવનાનો સંઘર્ષ શરૂઆતમાં સાધારણ જોવા મળે છે. સંઘર્ષને વધુ ઘેરો અને અસરકારક બનાવવા માટે વાર્તાકારે યથાયોગ્ય સ્થાને વિવિધ પ્રયુક્તિઓનો સહારો લીધો છે. પાત્રોના ભાવસંઘર્ષને તીવ્ર અને ઘેરો કરવામાં વિવિધ પ્રયુક્તિઓનો  યથાસ્થાને વિનિયોગ અસરકારક બન્યો છે.

વાર્તાઓમાં ચેતનાપ્રવાહ અને કથન પ્રયુક્તિનો સવિશેષ ઉપયોગ કરવામાં આવ્યો છે. એના વિનિયોગ વડે તેમણે ભાવનાત્મક સંઘર્ષ અનુભવતાં પાત્રોની મનઃસ્થિતિને ખુલ્લી પાડી છે. ક્યાંક પ્રથમ પુરુષ કથન વડે તો ક્યાંક ત્રીજા પુરુષ કથન વડે પાત્રોની સંઘર્ષમય સ્થિતિને ઉજાગર કરાઈ છે. અહીં સંઘર્ષમય સ્થિતિમાં મોટાભાગે સ્ત્રીપાત્રો વિચાર કરતાં જોવા મળે છે. પાત્રોનાં માનસપટ પર ચાલતી વિચારોની મથામણ રજૂ કરવા માટે ચેતનાપ્રવાહ પ્રયુક્તિનો સવિશેષ ઉપયોગ થયો છે. સંઘર્ષને

વધુ ઘેરો બનાવવા માટે વાર્તાકાર મોટાભાગની વાર્તાઓનાં સ્ત્રીપાત્રોને ભૂતકાળમાં લઈ ગયા છે. ભૂતકાળની યાદો તાજી થતાં જ પાત્રનો સંઘર્ષ ઘેરો બને છે. આ માટે તેમણે અહીં પીઠઝબકાર પ્રયુક્તિ પણ વાપરેલી જોવા મળી જાય છે.

ભાવનાત્મક સંઘર્ષને આલેખવા માટે સંવાદનો પણ અહીં સારો એવો ઉપયોગ જોવા મળે છે. બે પાત્રો વચ્ચે થતી વાતચીત દર્શાવીને સંવાદ દ્વારા તેમની મન:સ્થિતિને ઉઘાડી છે. અહીં મનોગત ઉક્તિઓ વધુ જોવા મળતી નથી તો પણ યથાયોગ્ય સ્થાને પાત્રોના મનમાં રજૂ થતાં વિધાનો આપણને જોવા મળી જાય છે. આમ, મનોગત ઉક્તિનો પણ સુપેરે ઉપયોગ કરાયો છે. ભાષાકર્મનો પણ અહીં ઉચિત ઉપયોગ થયો છે. જેમાં વર્ણન, ક્યાંક વાક્યનું પુનરાવર્તન અને કલાત્મક વિધાનો આલેખાયેલાં જોવા મળે છે. ભાષાશૈલીમાં વાર્તાકારે વર્ણનોને સહારો લીધો છે. જેના નિરૂપણ દ્વારા સ્ત્રીપાત્રોનાં સંઘર્ષને વધુ તીવ્ર બનાવ્યો છે. સાથે સાથે વાર્તાઓમાં અંકાયેલા કલાત્મક વિધાનો દ્વારા પણ પાત્રોની મન:સ્થિતિનો ચિતાર મળી જાય છે.

વાર્તાકારે 'વધુ ને વધુ સુંદર' અને 'ન્યાય' જેવી વાર્તાઓમાં સ્ત્રીના ભાવનાત્મક સંઘર્ષને નિરૂપવા માટે બાયફોકલ પ્રયુક્તિને અજમાવી છે. જેના દ્વારા પાત્રોને એના ભૂતકાળ અને વર્તમાનની તુલના કરતાં દર્શાવ્યાં છે. આ સરખામણીમાં એમનો સંઘર્ષ ઘેરો બનતો જાય છે. આમ, સંઘર્ષ નિરૂપણ માટે આ પ્રયુક્તિ પણ વિશેષ ઉપયોગી બની છે. આ ઉપરાંત, વાર્તાકારે સ્વપ્ન પ્રયુક્તિ, પ્રતીક અને પત્ર પ્રયુક્તિમાં પણ કસબ અજમાવ્યો છે. 'પ્રિયતમનાં લગ્ન' વાર્તામાં પાત્રને સરળતાથી સ્વપ્નમાં સેરવીને તેના સંઘર્ષની સ્થિતિનો ખ્યાલ આપી દેવાયો છે.

કેટલીક વાર્તાઓમાં પત્ર દ્વારા સંઘર્ષ તીવ્ર બનતો જાય છે. 'યુદ્ધ...વિરામ...શાંતિ!' અને 'ચાર પત્રો' જેવી વાર્તાઓમાં પત્રના વાંચન બાદ સ્ત્રીપાત્રનો ભાવસંઘર્ષ ઘેરો બનતો જોવા મળે છે. 'કરોળિયાનું ઘર' વાર્તામાં સંઘર્ષને દર્શાવવા પ્રતીકનો ઉપયોગ પણ અસરકારક બન્યો છે. આ પ્રયુક્તિઓવાળી વાર્તાઓ વધુ જોવા મળતી નથી છતાંય, આ પ્રયુક્તિઓ દ્વારા પણ ભાવનાત્મક સંઘર્ષની સુંદર રજૂઆત થઈ શકી છે. મુખ્ય પ્રયુક્તિની સાથે અન્ય સહાયક પ્રયુક્તિઓ જોવા મળે છે.

જેમાં સંવાદ, વર્ણન, પીઠઝબકાર, મનોગત ઉક્તિઓ સામેલ છે. આવી સહાયક પ્રયુક્તિઓ વડે પાત્રોનો સંઘર્ષ વધુ ઘેરો બનતો જાય છે.

હતાશાના સંઘર્ષને આલેખવા માટે મહત્તમ કથન પ્રયુક્તિનો વિનિયોગ જોવા મળે છે. સંવાદ અને પીઠઝબકાર પ્રયુક્તિનો પણ સારા પ્રમાણમાં ઉપયોગ થયો છે. સાથે બાયફોકલ અને સ્વપ્ન પ્રયુક્તિને પણ સંઘર્ષ નિરૂપણ માટે અજમાવી છે. જે અસરકારક સાબિત થઈ છે. ઇચ્છા સાથેનો સંઘર્ષ દર્શાવવા માટે વાર્તાકારે ચેતનાપ્રવાહ અને પીઠ ઝબકાર પ્રયુક્તિને હાથવગી રાખી છે. મોટાભાગની વાર્તાઓમાં આ પ્રયુક્તિઓ વપરાયેલી જોવા મળે છે. અહીં સંવાદ, મનોગત ઉક્તિ અને કથન પ્રયુક્તિ પણ વપરાઈ છે. તિરસ્કારના સંઘર્ષ માટે પણ ચેતનાપ્રવાહ અને કથન પ્રયુક્તિનો સવિશેષ ઉપયોગ થયો છે. જેના દ્વારા પાત્રોનાં મનમાં ઊઠતાં વિચારો અને તેની મથામણ રજૂ કરવામાં આવી છે. સંઘર્ષ નિરૂપણ માટે પ્રતીક અને બાયફોકલ પ્રયુક્તિ પણ અસરકારક બની છે.

પીડાનો સંઘર્ષ દર્શાવવા વાર્તાકારે મહત્તમ કથન પ્રયુક્તિનો જ વિનિયોગ કર્યો છે. પાત્રના સ્વકથન અથવા તો લેખકનાં કથન દ્વારા જ એમની સંઘર્ષમય સ્થિતિનો ખ્યાલ આવતો જાય છે. અહીં પત્ર દ્વારા પણ પાત્રનો સંઘર્ષ ઘેરો બનાવાયો છે. આમ, વાર્તાની રચના મુજબ સંઘર્ષના આલેખન માટે વિવિધ પ્રયુક્તિઓનો વિનિયોગ કરવામાં આવ્યો છે. ક્રોધના સંઘર્ષને દર્શાવવા માટે કથન પ્રયુક્તિ અને ચેતનાપ્રવાહ પ્રયુક્તિનો ઉપયોગ કરાયો છે. ઈર્ષ્યાને દર્શાવવા માટે મનોગત ઉક્તિઓ અને ચેતનાપ્રવાહ પ્રયુક્તિને યથાસ્થાને મૂકવામાં આવી છે. જયારે ભયના સંઘર્ષ માટે ચેતનાપ્રવાહ અને વર્ણનનો વિનિયોગ કરેલો જોવા મળે છે. આ પ્રયુક્તિનો જરૂરી વિનિયોગ કરીને વાર્તાકારે પાત્રોનો ભૂતકાળ, તેમનાં આંતરિક વિચારો, કલ્પનાઓ વગેરેને ઉજાગર કર્યાં છે. જેના કારણે એમનો સંઘર્ષ વધુ ઘેરો બનતો જોવા મળે છે. આમ, આ પ્રયુક્તિઓ સંઘર્ષને પોષક સાબિત થઈ છે.

આમ, પ્રયુક્તિઓ સંદર્ભે આ પ્રકરણને સમગ્રતયા ચકાસતાં જણાય છે કે વાર્તાકારે સ્ત્રીપાત્રોના ભાવનાત્મક સંઘર્ષના આલેખન માટે યથાસ્થાને વિવિધ પ્રયુક્તિઓ ઉપયોગમાં લીધી છે. જેના સમન્વય વડે સ્ત્રીપાત્રોનો સંઘર્ષ પોષાય છે. સમયાંતરે તે વધુ ઘેરો બને છે. જેના કારણે અંતમાં

સ્ત્રીપાત્રો ચોક્કસ નિરાકરણ તરફ ગતિ કરે છે. આ રીતે વાર્તાકારે પાત્રોનાં ભાવનાત્મક સંઘર્ષનું આલેખન કર્યું છે.

[i] 'કુન્દનિકા કાપડીઆની શ્રેષ્ઠ વાર્તાઓ', લેખિકા: કુંદનિકા કાપદીઆ, પ્ર.આ.૧૯૮૭, પૃ. ૬